ग्रन्थरहितः कश्चित् जिज्ञासुः बालः मित्रं मां याचते। परं कृपणः असौ दुर्योधनः युधिष्ठिराय राज्यमिव न ददाति। कश्चित् च ददाति चेत् कर्णस्य कवचकुण्डलमिव महता हर्षेण ददाति। केचन मां परीक्षासाधनमिव कल्पयन्ति। केचन च मां केवलं ज्ञानसाधनमिव परिकल्पयन्ति। केचन स्नेहवशात्, केचन नियमवशात् अपरे च प्रदर्शनवशात् मां स्वेन सह विद्यालयम् आनयन्ति। केचन छात्राः स्नेह–नियम–प्रदर्शनविरक्ताः मह्यं सर्वथा मुक्तिं प्रदाय विद्यालयम् आगच्छन्ति।

किं कथयामि मद्विषये वाचकाः भिन्नां भिन्नां मतिं धारयन्ति। परं मदीया तु एका एव मतिः। सा च – मद्गतं शब्दात्मकं ज्ञानं वाचकानां मनसि सुप्रतिष्ठितं भवेत्। मनसि प्रतिष्ठितं च तत् ज्ञानं दुःखमुक्तये सुखाय च परिकल्पेत इति।

### ટિપ્પણી

**अद्यत्वे** આજકાલ **महन्तः** મોટાઓ, મોટા માણસો **स्वानि** પોતાનાં **महाजनः** મહાજન, સમાજના આગેવાન **पन्थाः** રસ્તો **ताडपत्राणाम् ( ताडस्य पत्राणि, तेषाम् – ष.तत्पु. )** તાડનાં ઝાડનાં પાંદડાં **भवामि स्म** (વર્તમાનકાળનાં રૂપ સાથે **स्म** અવ્યયનો પ્રયોગ થતાં ભૂતકાળનો અર્થ પ્રાપ્ત થાય છે. આ કારણથી અહીં ભૂતકાળનો અર્થ આપવામાં આવ્યો છે.) બની જતો હતો. થઈ જતો હતો. **विरच्य ( वि + रच् + त्वा > य सं.भू.कृ. )** બનાવીને **सूत्रम्** દોરાને **प्रवेशयन्ति स्म ( प्र + विश् प्रे. व. अ. ब.व. स्म प्रयोग )** પરોવે છે. પરોવતા હતા. **वेष्टयन्ति स्म ( वेष्ट् भूत. अ. ब.व. स्म प्रयोग )** વીંટાળતા હતા **वेष्टिते सूत्रे** વીંટાળેલા દોરામાં **ग्रन्थि-बन्धनात् ( ग्रन्थेः बन्धनम्, तस्मात् – ष.त. )** ગાંઠ બાંધતા હોવાથી **वृक्षसंभूतानाम् ( वृक्षेभ्यः संभूताः, तेषाम् – पं.त. )** ઝાડમાંથી ઉત્પન્ન થયેલાના **कर्गजानां** કાગળના **विचार्य ( वि + चर् + त्वा > य सं.भू.कृ. )** વિચારીને **स्वीकृतवन्तः** સ્વીકાર કર્યો છે. **प्रत्यङ्गम् ( अङ्गम् अङ्गम् प्रति – अ.भा. )** દરેકે દરેક અંગમાં **निःशब्दम् ( निर्गताः शब्दाः यस्मात् तत् – बहु. )** શબ્દ વગરનું, મૌન **वर्ते ( वृत् व. उ. ए.व. )** વર્તું છું. **मूकीभावम्** મૌનભાવને **सशब्दम् ( शब्देन सह वर्तमानम् – बहु. )** શબ્દવાળા, શબ્દ સાથેના **सग्रन्थि** ગાંઠ સાથેનો, ગાંઠવાળો **निर्ग्रन्थीन्** ગાંઠ વગરના, છૂટેલી ગાંઠવાળા **संदर्भग्रन्थः ( संदर्भाय ग्रन्थः – च.त. )** સંદર્ભ (આપવા) માટેનો ગ્રંથ (કોઈ બાબતના આધાર તરીકે જ્યારે અમુક ગ્રંથને ટાંકવામાં આવે છે, ત્યારે તેવા ગ્રંથને સંદર્ભ ગ્રંથ કહે છે.) **मत्कृते** મારા માટે **अनुभूयते ( अनु + भू कर्म. व. अ. ए.व. )** અનુભવાય છે **मनसि कृत्वा** મનમાં રાખીને (સંસ્કૃતભાષાના વાગ્વ્યવહારમાં આ પ્રકારનો પ્રયોગ રૂઢ છે.) **प्रतिवर्षम् ( वर्षं वर्षं प्रति – अ.भा. )** દરેક વર્ષે **धृत्वा ( धृ + त्वा सं.भू.कृ. )** ધારણ કરીને, ધરીને **प्रतिकक्षम् ( कक्षां कक्षां प्रति – अ.भा. )** દરેક ધોરણમાં **आपणतः** બજારમાંથી, દુકાનમાંથી **क्रीत्वा ( क्री + त्वा सं.भू.कृ. )** ખરીદીને **आवरणानि** પૂંઠાં **परिधापयन्ति ( परि + धा प्रे. व. अ. ब.व. )** પહેરાવે છે. ચઢાવે છે. **नामाङ्कनम् ( नाम्नः अङ्कनम् – ष.तत्पु. )** નામનું અંકન-લેખન **शिलालिखितलेखः ( शिलायाम् लिखितः – स.तत्पु., शिलालिखितः चासौ लेखः – कर्म. )** પથ્થર ઉપર લખેલ લેખ **सुस्थिरः** સારી રીતે સ્થિર **स्यूते** થેલામાં, દફતરમાં **स्थापयन्ति ( स्था प्रे. व. अ. ब.व. )** મૂકે છે. રાખી દે છે. **पितरौ ( माता च पिता च – द्व. )** માતા અને પિતા **स्कन्धम्** ખભા ઉપર **आरोप्य ( आ + रुह् + त्वा > य सं.भू.कृ. )** મૂકીને, ઊંચકીને **अवहत् ( वह् ह्य.भू. अ. ए.व. )** લઈ ગયો હતો **कृपणः** કંજૂસ **कल्पयन्ति ( क्लृप् व. अ. ब.व. )** કલ્પે છે, વિચારે છે **स्वेन सह** પોતાની સાથે **आनयन्ति ( आ + नी व. अ. ब.व. )** લઈ આવે છે. **प्रदाय ( प्र + दा + त्वा > य सं.भू.कृ. )** આપીને **धारयन्ति ( धृ. प्रे. व. अ. ब.व. )** ધારણ કરે છે, ધરાવે છે. **मतिः** બુદ્ધિ, મત, સમજ **दुःखमुक्तये** દુઃખની મુક્તિ માટે **परिकल्पेत ( परि + क्लृप् वि. अ. ए.व. )** માની લેવું જોઈએ.

### सन्धि

महान्तो जनाः (महान्तः जनाः)। स पन्थाः (सः पन्थाः)। अद्यत्वेऽपि (अद्यत्वे अपि)। प्रसिद्धोऽस्मि (प्रसिद्धः अस्मि)। प्राप्तोऽपि (प्राप्तः अपि)। चत्वारोऽपि (चत्वारः अपि)। उपस्थितो भवामि (उपस्थितः भवामि)। प्रारम्भो भवति (प्रारम्भः भवति)। वस्त्राणीव (वस्त्राणि इव)। सुस्थिरो भवति (सुस्थिरः भवति)। ततस्ते (ततः ते)।

## વિશેષ

**ताडपत्रम्**

પ્રાચીન સમયમાં પુસ્તકો-ગ્રંથો હાથથી લખવામાં આવતા હતા. લખવાના આધાર તરીકે (લિપિના આસન તરીકે) મોટા ભાગે ભોજપત્ર, તાડપત્ર અને હાથથી બનાવેલા કાગળનો પ્રયોગ થતો હતો. ભોજપત્ર હિમાલયના શીતપ્રદેશમાં પ્રાપ્ત થતાં હોઈ તે પ્રદેશોમાં વધારે વપરાતાં હતાં. સમુદ્રકિનારાની આસપાસ આવેલા પ્રદેશોમાં તાડપત્ર સરળતાથી ઉપલબ્ધ થતાં હોવાથી તાડપત્ર ઉપર ગ્રંથ લખવાની પરંપરા વધારે પ્રચલિત રહી. આજે સમગ્ર ભારતમાં તાડપત્ર ઉપર લખેલા ગ્રંથો મળી આવે છે.

તાડપત્ર ઉપર લખાતા ગ્રંથોની બે વિશેષતાઓ છે. એક તો તાડપત્ર ઉપર કોતરીને અને શાહીથી એમ બે રીતે ગ્રંથો લખાતા અને બીજું તાડપત્રોને એકબીજા ઉપર મૂકીને, તેમના મધ્યભાગમાં એક છિદ્ર કરવામાં આવતું. એ છિદ્રમાં સૂત્ર પરોવી, તેને ચારે બાજુ વીંટીને છેવટે (ગ્રંથિ) ગાંઠ મારવામાં આવતી, એ ગ્રંથિબંધનને કારણે હસ્તલિખિત પુસ્તકને ગ્રંથ તરીકે ઓળખવામાં આવતું.

## વિરુદ્ધાર્થી શબ્દ

| | | |
|---|---|---|
| स्वकीयम् – परकीयम्। | प्रीतिः – द्वेषः। | दिनारम्भः – दिनान्तः। |
| अक्षरम् – क्षरम्। | नवम् – प्राचीनम्। | बहुमूल्यम् – अल्पमूल्यम्। |
| सामान्यतः – विशेषतः। | उपस्थितम् – अनुपस्थितम्। | मित्रम् – शत्रुः। |
| निःशब्दम् – सशब्दम्। | भिन्नम् – समानम्। | कृपणः – उदारः। |
| सग्रन्थि – निर्ग्रन्थि। | सुस्थिरम् – अस्थिरम्। | प्रतिष्ठितम् – अप्रतिष्ठितम्। |

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पं चित्वा लिखत।**

(1) ग्रन्थः कस्मात् 'ग्रन्थः' इति ?

(क) ग्रथनात् (ख) प्राचीनत्वात् (ग) अर्वाचीनत्वात् (घ) लेखनात्

(2) शब्देषु सत्सु अपि किं निःशब्दम् ?

(क) मनुष्यः (ख) कविः (ग) वाचकः (घ) पुस्तकम्

(3) पुस्तकस्य कति रूपाणि सन्ति ?

(क) त्रीणि (ख) चत्वारि (ग) पञ्च (घ) दश

(4) बालानां कृते पुस्तकस्य कीदृशं रूपम् ?

(क) नूतनं नूतनम् (ख) नवीनं नवीनम् (ग) नवं नवम् (घ) नव्यं नव्यम्

(5) केचन पुस्तकं कथं रक्षन्ति ?

(क) बहुमूल्यं रत्नमिव (ख) अनर्घं रत्नमिव (ग) रत्नमिव (घ) अमूल्यं रत्नमिव

**2. अद्योलिखितानां प्रश्नानाम् उत्तराणि संस्कृतभाषया लिखत।**

(1) स्वचरितलेखने कः प्रवृत्तः ?

(2) पूर्वग्रन्थः केषां सङ्ग्रहरूपः आसीत् ?

(3) पुस्तकं निःशब्दमपि कीदृशं वदति ?

(4) ग्रन्थः सग्रन्थिरपि किं कर्तुं सक्षमः ?

(5) कश्चित् बालः पुस्तकं क इव ददाति ?

**3. સસંદર્ભ સમજાવો :**

(1) अद्यत्वेऽपि ग्रन्थ इति नामकरणम्।

(2) श्रवणः पितरौ स्कन्धमारोप्य अवहत्।

(3) अहं स्वयं सग्रन्थि तथापि वाचकान् निर्गन्थीन् करोमि।

**4. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) આજકાલ મહાન માણસો શું કરે છે ?

(2) પ્રાચીનકાળમાં ગ્રંથનું સ્વરૂપ કેવું હતું ?

(3) આજકાલ ગ્રંથના મુખ્યત્વે કયા કયા પ્રકારો હોય છે ?

(4) વિદ્યાર્થી અને પુસ્તકનો સંબંધ કેવો કલ્પ્યો છે ?

(5) પુસ્તકને ક્યારે સંતોષ થતો નથી ?

**5. વિવરણાત્મક નોંધ લખો :**

(1) ताडपत्रम्

(2) कर्णस्य कवचकुण्डलम्

**6. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) ગ્રંથનું સ્વરૂપ

(2) પુસ્તકની બાબતમાં વિદ્યાર્થીઓના પ્રતિભાવો

(3) પાઠમાં આવતા પૌરાણિક સંદર્ભ

(4) પુસ્તકનો મહિમા

**7. क-वर्गम् ख-वर्गेण सह यथास्वं योजयत।**

| **क-वर्गः** | **ख-वर्गः** |
|---|---|
| 1. अद्यत्वे | (1) निःशब्दं तिष्ठामि |
| 2. प्राचीनकाले | (2) ताडपत्राणां सङ्ग्रहरूपः |
| 3. स्यूते स्थितम् | (3) पितरौ अवहत् |
| 4. यथा श्रवणः | (4) सन्तोषं नानुभवामि |
| 5. सुखमनुभवामि | (5) जिज्ञासुः मां याचते |
| | (6) कर्गजानां सङ्ग्रहरूपम् |

●

# ✻ 20. मुद्रा नाम धनं प्रोक्तम् ✻

[**પ્રસ્તાવના :** માનવજીવનના ચાર પુરુષાર્થ તરીકે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને માનવામાં આવ્યા છે. આમાંથી જે અર્થ છે, તેમાં જીવન જીવવા માટેના આવશ્યક પદાર્થો, જેવા કે અન્ન, વસ્ત્ર, પશુઓ, ગૃહ જેવી વિવિધ વસ્તુઓનો સમાવેશ થાય છે. આ બધી વસ્તુઓ એક પ્રકારનું ધન કે અર્થ જ છે. માનવજીવનના એક લક્ષ્ય તરીકે આ ધન કે અર્થને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

પ્રાચીન સમયમાં ઘણે ભાગે કોઈ એક વ્યક્તિ કોઈ એક વસ્તુનું ઉત્પાદન કરતી. એ પછી જ્યારે તેને બીજી કોઈ વસ્તુની આવશ્યકતા પડતી, ત્યારે તે પોતે ઉત્પન્ન કરેલી વસ્તુને બીજી વ્યક્તિને આપી તેના બદલામાં તે વ્યક્તિએ ઉત્પન્ન કરેલી વસ્તુને મેળવી લેતી. આમ વસ્તુને બદલે વસ્તુની આપ-લે કરાતી. આને વિનિમય (સાટા) પદ્ધતિ તરીકે ઓળખવામાં આવે છે. સમય જતાં આ વિનિમય પદ્ધતિને બદલે અમુક વસ્તુને પ્રતીક કે માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી અને તેના દ્વારા વસ્તુની આપ-લે થવા લાગી. આ પ્રતીક કે માધ્યમ તરીકે સૌથી વધારે પ્રચલિત અને સફળ બની હોય, તો તે છે મુદ્રા. આમ આ મુદ્રા પણ એક પ્રકારનું ધન કે અર્થ જ છે.

વૈવિધ્યસભર મુદ્રાઓની પરિકલ્પનામાં પ્રાચીનકાળથી જ ભારતદેશ અગ્રણી રહ્યો છે. ઇતિહાસ સાક્ષી છે કે ભારતમાં જેટલી વૈવિધ્યસભર મુદ્રાઓ પ્રચલિત બની હતી. તેટલી વિશ્વના કોઈ અન્ય દેશમાં પ્રચલિત બની શકી નથી. એ જમાનામાં આ મુદ્રાઓ ધાતુમયી (કોઈ ધાતુમાંથી નિર્માણ પામેલી) હતી. એ પછી લગભગ અઢારમી-ઓગણીસમી સદીથી કાગળ(कर्गज)ની મુદ્રા અસ્તિત્વમાં આવી છે. પ્રસ્તુત પાઠનો વિષય આ મુદ્રા છે. અત્યારે કાગળની જે મુદ્રા - રૂપિયાનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો છે, તેની પ્રતિકૃતિ - નકલ ન થાય, તે માટે કેટલીક છૂપી - કૂટ વ્યવસ્થા કરવામાં આવી છે. એમનો પરિચય કરાવવાના લક્ષ્ય સાથે આ પાઠની રચના કરવામાં આવી છે.]

**शिष्यः** – गुरुवर्याः सादरं नमो नमः।

**गुरुः** – वर्धताम्।

**शिष्यः** – अद्य मया एकं पद्यं पठितम् –

यस्यास्ति मुद्रा स नरः कुलीनः स एव विद्वान् स च माननीयः।
स एव नेता स च रक्षणीयः सर्वे गुणाः तामनुयान्ति लोके॥

अस्य पद्यस्य तात्पर्यं ज्ञातुमिच्छामि।

**गुरुः** – साधु शिष्य साधु। अस्मिन् पद्ये मुद्रायाः महत्त्वं प्रतिपादितमस्ति।

**शिष्यः** – गुरवः केयं मुद्रा इति ?

**गुरुः** – शृणु शिष्य।

मुद्रा नाम धनं प्रोक्तं विनिमयस्य साधनम्।
धातुमयी तथा चान्या कर्गजजा प्रकीर्तिता॥

**शिष्यः** – एतयोः प्राचीनतरा का ?

**गुरुः** – धातुमयी मुद्रा प्राचीनतरा अस्ति। कार्गजी मुद्रा तु अर्वाचीना। विनिमयस्य साधनत्वेन धातुमय्याः मुद्रायाः प्रयोगः भारतवर्षे प्रायः सार्धद्विसहस्रवर्षेभ्यः प्रचलति। प्राचीनकाले एताः मुद्राः सुवर्णमयी, रजतमयी ताम्रमयी चेति विविधाः आसन्। परन्तु तदानीं कार्गज्यः मुद्राः प्रचलिताः न आसन्।

**शिष्यः** – गुरुवर्य ! एतयोः कतमा मुद्रा अधिकम् उपयुक्ता अस्ति ?

**गुरुः** – वत्स ! एतयोः धातुमयी मुद्रा अधिकम् उपयुक्ता अस्ति।

**शिष्यः** – कथम् ?

**गुरुः** – अत्र बहूनि कारणानि सन्ति। तद्यथा – धातुमयी मुद्रा शीघ्रं विनष्टा न भवति। इयं जले निमग्ना अपि तथैव तिष्ठति। तैलस्य सम्पर्कादपि अस्याः उपरि कोऽपि प्रभावः न भवति। स्वल्पात् अग्नेः इयं सरलतया रक्षितुं शक्यते। अथ च देशे विदेशे च अनया धातुमयीमुद्रया विनिमयः कर्तुम् शक्यते, यतो हि तत्र धातोः मूल्यं सर्वत्र समानतया स्वीक्रियते।

**शिष्यः** – एवं स्थिते किमर्थं कार्गजी मुद्रा प्रचलिता जाता ?

**गुरुः** – धातोः मूल्यं सर्वदा सर्वत्र समानं न भवति। यदा धातुमयी मुद्रा स्वकीयात् निर्धारितात् मूल्यात् अधिकं मूल्यं दधाति तदा जनाः ताः संगृह्य तिष्ठन्ति। ततः मुद्रायाः तीव्रा आवश्यकता जनैः अनुभूयते। यदा निर्धारिताः मुद्राः न प्राप्यन्ते तदा स्वाभाविकमेतत् यत् कश्चित् अन्यः उपायः करणीय एव। तस्मात् आधुनिके काले कार्गजी मुद्रा व्यवह्रियते।

**शिष्यः** – मान्याः गुरवः ! कार्गजीमुद्रायाः अपरः अपि कश्चिद् विशेषः ?

**गुरुः** – धातुमयीमुद्राः भारसहिताः भवन्ति। कार्गजीमुद्राः भाररहिताः भवन्ति। अतः कार्गजीमुद्राणां वहनं सर्वथा सुकरं भवति, आर्थिके व्यवहारे च सारल्यं भवति।

**शिष्यः** – कार्गजीमुद्रायाः प्रतिकृतिकरणमपि सरलतया कर्तुं शक्यते। तेन दुर्जनाः तस्य प्रतिकृतिं विरच्य व्यवहारं कुर्वन्ति चेत् महती हानिः भवति।

**गुरुः** – हानिस्तु भवत्येव। वस्तुतः तादृशं कर्म कस्यचित् देशस्य आर्थिकीं व्यवस्थां गर्ते पातयितुम् शक्नोति। तादृशं न भवेत् इत्यतः कार्गजीमुद्रायां कश्चिद् विशेषः क्रियते।

**शिष्यः** – कस्तत्र विशेषः भवति ?

**गुरुः** – साम्प्रतिके व्यवहारे रूप्यकनाम्ना या कार्गजी मुद्रा प्रचलिता अस्ति, तस्यां शासनेन बहूनि कूटस्थानानि स्थापितानि सन्ति। तद्यथा – शतरूप्यकस्य तदधिकरूप्यकस्य च कर्गज्यां भारतीयायां मुद्रायां जलचिह्नम्, सुरक्षासूत्रम्, उद्‌गतमुद्रणम्, अदृश्यं चिह्नम्, सूक्ष्माक्षरलेखः चेति। प्रतिकृतिकर्तारः एतान् विशेषान् प्रतिकृतिषु कर्तुं न प्रभवन्ति।

**शिष्यः** – साधु भगवान् साधु। भवद्भिः सम्यक् प्रबोधिताः वयम्। अस्माभिः सर्वैः देशवासिभिः कार्गजीमुद्रायां वर्तमानाः एते सर्वे विशेषाः विशेषतः अवगन्तव्याः, येन वास्तविकीं कृत्रिमां च मुद्रां वयं सरलतया अवगन्तुं शक्नुयामः। किमन्यत् –

भारतीयैः जनैः सर्वैः कार्गजीरूप्यके स्थितः।
विज्ञातव्यो विशेषोऽत्र स्थापितः शासनेन यः॥
अस्याः ज्ञात्वा विशेषं तु परान् सर्वांश्च बोधयेत्।
तदैव रूप्यकस्यास्य प्रतिकृतिर्न सम्भवेत्॥

### ટિપ્પણી

**वर्धताम् ( वृध् आ. अ. ए.व. )** વધો, વૃદ્ધિ પામો **पद्ये** પદ્યમાં, શ્લોકમાં **मुद्रायाः** મુદ્રા(ચલણ, સિક્કો)નું **विनिमयस्य** વિનિમયનું, અદલાબદલાનું **धातुमयी** ધાતુમાંથી બનેલી **कार्गजी** કાગળમાંથી જન્મેલી, કાગળની **प्रकीर्तिता** કહેવામાં આવી છે **प्राचीनतरा** જૂની **अर्वाचीना** નવી **सार्धद्विसहस्रवर्षेभ्यः** અઢી હજાર વર્ષ પહેલાંથી **सुवर्णमयी** સોનામાંથી બનાવેલી **रजतमयी** ચાંદીમાંથી બનાવેલી **ताम्रमयी** તાંબામાંથી બનાવેલી **उपयुक्ता** ઉપયોગી, વાજબી હોય તેવી **निमग्ना** ડૂબેલી **दधाति ( धा व.**

**अ. ए.व. )** ધરાવે છે. **संगृह्य ( सम् + ग्रह् + त्वा > य सं.भू.कृ. )** ભેગી કરીને, સંગ્રહ કરીને **अनुभूयते ( अनु + भू क. व. अ. ए.व. )** અનુભવાય છે **प्राप्यन्ते ( प्र + आप् क. व. अ. ब.व. )** મળે છે. પ્રાપ્ત થાય છે. **व्यवह्रियते ( वि + अव + हृ क. व. अ. ए.व. )** વ્યવહાર કરવામાં આવે છે, વપરાય છે **सुकरम्** સરળ, સહેલું (વિ. **दुष्करम्** ) **सारल्यम्** સરળતા (વિ. **काठिन्यम्** ) **प्रतिकृतिकरणम्** નકલ કરવાનું કામ **प्रतिकृतिम्** નકલ **विरच्य ( वि + रच् + त्वा > य सं.भ.कृ. )** રચીને, બનાવીને **गर्ते** ખાડામાં **पातयितुम् ( पत् प्रे. + तुम् हे.कृ. )** પાડવા માટે **शासनेन** શાસન-સરકાર દ્વારા **कूटस्थानानि** કૂટ સ્થળ, છૂપાં સ્થળ **सुरक्षासूत्रम्** સુરક્ષા કરનાર દોરો કે તાર **उद्गतमुद्रणम्** ઉપસાવેલું મુદ્રણ - છાપકામ **अदृश्यं चिह्नम्** ન દેખાય તેવું ચિહ્ન **सूक्ष्माक्षरलेखः** અત્યંત ઝીણા અક્ષરોનું લખાણ **प्रतिकृतिकर्तारः** નકલ કરનારા **प्रभवन्ति ( प्र + भू व. अ. ब.व. )** સમર્થ બને છે **प्रबोधिताः** જાણકારી કરાયેલા **अवगन्तव्याः** જાણવા જોઈએ **वास्तविकीम्** વાસ્તવિક, હકીકત **कृत्रिमाम्** બનાવટી, કૃત્રિમ **स्थापितः** રાખવામાં આવેલા, મૂકવામાં આવેલ **बोधयेत् ( बुध् प्रे. वि. अ. ए.व. )।** બોધ કરાવવો જોઈએ.

## સન્ધિ

नमो नमः (नमः नमः)। यस्यास्ति (यस्य अस्ति)। स च (सः च)। केयम् (का इयम्)। चान्या (च अन्या)। चेति (च इति)। सम्पर्कादपि (सम्पर्कात् अपि)। कोऽपि (कः अपि)। हानिस्तु भवत्येव (हानिः तु भवति एव)। कस्तत्र (कः तत्र)। विज्ञातव्यो विशेषोऽत्र (विज्ञातव्यः विशेषः अत्र)। सर्वांश्च (सर्वान् च)। तदैव (तदा एव)। रूप्यकस्यास्य (रूप्यकस्य अस्य)। प्रतिकृतिर्न (प्रतिकृतिः न)।

## સ્વાધ્યાય

**1. यथास्वं विकल्पं चित्वा लिखत।**

(1) नमो नमः। - इत्यस्य अनन्तरं गुरुः किं वदति ?

(क) कल्याणं भवतु (ख) सुखिनः भवन्तु (ग) वर्धताम् (घ) नमो नमः

(2) मुद्रा कस्य साधनम् ?

(क) विनिमयस्य (ख) क्रयस्य (ग) विक्रयस्य (घ) व्यवहारस्य

(3) प्राचीनकाले कीदृशी मुद्रा आसीत् ?

(क) कर्गजजा (ख) पाषाणमयी (ग) धातुमयी (घ) काष्ठमयी

(4) आधुनिके काले कीदृशी मुद्रा वर्तते ?

(क) पाषाणमयी (ख) सुवर्णमयी (ग) कार्गजी (घ) काष्ठमयी

**2. अधोलिखितानां प्रश्नानाम् उत्तराणि संस्कृतभाषया लिखत।**

(1) शिष्योक्ते पद्ये कस्य महिमा वर्णितः ?

(2) केयं मुद्रा ?

(3) मुद्रायाः कति प्रकाराः सन्ति ? के च ते ?

(4) कार्गजीमुद्राणां वहनं कथं सुकरं भवति ?

(5) मुद्रायाः प्रतिकृतिं के कुर्वन्ति ?

**3. સસંદર્ભ સમજાવો :**

(1) सर्वे गुणास्तामनुयान्ति लोके।

(2) मुद्रा नाम धनं प्रोक्तम्।

(3) धातुमयी मुद्रा अधिकमुपयुक्ता।

**4. નીચેના પ્રશ્નોના માતૃભાષામાં ઉત્તર આપો :**

(1) બધા જ ગુણો કોને અનુસરે છે ?

(2) ધાતુઓની મુદ્રાની વિશેષતાઓ કઈ કઈ છે ?

(3) કાગળની મુદ્રા શા માટે અનિવાર્ય બની છે ?

(4) શાસને કાગળની મુદ્રામાં શી શી વિશેષતાઓ મૂકી છે ?

**5. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) કાગળની મુદ્રા

(2) પ્રતિકૃતિને અશક્ય બનાવતાં ચિહ્નો

(3) મુદ્રાનું વૈવિધ્ય અને મહત્ત્વ

**6. क-वर्गम् ख-वर्गेण सह यथास्वं योजयत।**

| **क-वर्गः** | **ख-वर्गः** |
|---|---|
| 1. गुरोः आशीर्वचनम् | (1) धनं प्रोक्तम् |
| 2. मुद्रा नाम | (2) अदृश्यं चिह्नम् |
| 3. धातुमयी मुद्रा | (3) वर्धताम् |
| 4. कार्गजी मुद्रा | (4) भाररहिता |
| 5. कूटस्थानम् | (5) भारसहिता |
| | (6) कृत्रिमां मुद्राम् |

•

# ✻ અભ્યાસ 1 - ન્યાયપરિચય ✻

**1. अग्निशिखान्यायः।**

અગ્નિની શિખા એટલે કે જ્વાળા. એના ઉપરથી આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

અગ્નિની જ્વાળા સ્વાભાવિક રીતે જ સદા ઉપર તરફ ગતિ કરે છે. જો કોઈ લાકડામાં અગ્નિ પ્રકટી રહ્યો હોય અને તે લાકડાને આકાશ તરફ ઊંચું કરવામાં આવે કે ધરતી તરફ નીચું કરવામાં આવે, તોય લાકડામાં રહેલા અગ્નિની શિખા-જ્વાળા તો ઉપર તરફ જ ગતિ કરે છે. આમ અગ્નિની શિખાનો સદા સર્વદા ઉપર તરફ ગતિ કરવાનો સ્વભાવ છે, તેથી તે ક્યારેય નીચે તરફ ગતિ કરતી નથી.

એવી જ રીતે માણસે પણ પોતાનો કેટલોક સ્વભાવ સ્થિર બનાવી દેવો જોઈએ. જેમ કે - પરોપકારનો સ્વભાવ. માણસ જો પરોપકારનો સ્વભાવ બનાવી લે, તો તેની ગતિ સદા સર્વદા પરોપકાર તરફ જ રહે છે. પછી પરિસ્થિતિ અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય, સમય કે સાધનની અનુકૂળતા હોય કે ન પણ હોય, એ પરોપકાર કરતો જ રહે છે. એવી જ રીતે કોઈ વિદ્યાર્થી જ્ઞાન પ્રાપ્ત કરવાનો પોતાનો સ્વભાવ બનાવી લે, તે તેની ગતિ સદા સર્વદા જ્ઞાનપ્રાપ્તિ તરફ જ બની રહે છે. પછી ઘર-પરિવારની પરિસ્થિતિ અનુકૂળ હોય કે ન હોય, સમય વધારે મળે કે ન મળે, ક્યારેક શાળામાં જવાને બદલે પરિવારના કાર્યમાં રોકાવાનું થઈ જાય, તો પણ જ્ઞાનપ્રાપ્તિ માટેનો પોતાનો સ્વભાવ બની ગયો હશે, તો એ વિદ્યાર્થીની ગતિ સદા સર્વદા જ્ઞાન તરફ જ રહેશે. સાર એ છે કે માણસે પોતાનો એક સ્વભાવ બનાવવાનો છે અને અગ્નિની ઊર્ધ્વગામી શિખાની જેમ સતત એ સ્વભાવને જાળવી રાખવાનો છે.

આમ આ ન્યાય સમજાવે છે કે માણસનો જે ઉત્તમ સ્વભાવ છે, તે સદા સર્વદા જળવાઈ રહે, તે માટે સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

**2. अव्यापार-व्यापारन्यायः।**

વ્યાપાર એટલે ક્રિયા. સચેતન પ્રાણી દ્વારા કરવામાં આવતી ક્રિયા, ચેષ્ટા કે પ્રવૃત્તિને વ્યાપાર કહે છે. અહીં પ્રાસંગિક રીતે વ્યાપારનો અર્થ ધંધો કે વ્યવસાય પણ લઈ શકાય છે.

દરેક માણસની બે સ્થિતિ છે. 1. માણસ દરેકે દરેક વ્યાપાર કે પ્રવૃત્તિમાં નિષ્ણાત બની શકતો નથી અને 2. દરેક માણસ કોઈને કોઈ વ્યાપાર કે પ્રવૃત્તિમાં નિષ્ણાત હોય જ છે. માનવસમાજની આ વાસ્તવિક પૃષ્ઠભૂમિ ઉપર ઊભા રહીને આ ન્યાય માણસને બોધ આપે છે કે માણસનો જે પોતાનો વ્યાપાર કે પ્રવૃત્તિ હોય, તેમાં તો એણે જોડાવું જોઈએ પણ જે વ્યાપાર કે પ્રવૃત્તિ પોતાની ન હોય, તેમાં પ્રવૃત્ત થવું જોઈએ નહીં. આ ખ્યાલને માણસના મનમાં દૃઢ કરવા-કરાવવા માટે આ ન્યાય અસ્તિત્વમાં આવ્યો છે.

જેમ કે - 1. એક માણસ લાકડાં વહેરવાના કામમાં નિષ્ણાત છે. આથી લાકડાં વહેરવાં એ એનો વ્યાપાર છે, એમ કહેવાય છે. 2. પરંતુ આ માણસ રસોઈ બનાવવાના કામમાં નિષ્ણાત નથી. આથી રસોઈ બનાવવી એ આ માણસનો અવ્યાપાર છે. આવા માણસને આ ન્યાય માર્ગદર્શન આપતાં જણાવે છે કે આ માણસે લાકડાં વહેરવાના પોતાના વ્યાપારમાં તો પ્રવૃત્ત થવું જોઈએ, પરંતુ રસોઈ બનાવવાના વ્યાપારમાં પ્રવૃત્ત થવું જોઈએ નહીં.

આ પ્રકારનો બોધ એટલા માટે આવશ્યક છે કે જે માણસનો લાકડાં વહેરવાનો વ્યાપાર છે, તે માણસ લાકડાં વહેરવાની પ્રવૃત્તિ કરતી વખતે ક્યાં કઈ સાવધાની રાખવાની છે, એનો પૂરેપૂરો ખ્યાલ ધરાવતો હોય છે. આ કારણે જ્યારે એ પોતાના વ્યાપારમાં જોડાય છે, ત્યારે કોઈ પ્રકારની દુર્ઘટનાનો શિકાર બનતો નથી. પરંતુ રસોઈ બનાવવી એ આ માણસનો વ્યાપાર નથી. (તે અવ્યાપાર છે.). આથી હવે આવો માણસ જ્યારે રસોઈ બનાવવાનાં કામમા પ્રવૃત્ત થાય છે, ત્યારે (જાણકારીના અભાવે) પોતાનું નુકસાન કરી બેસે છે. આમ આ ન્યાય સમજાવે છે કે જે કાર્ય આપણો વ્યાપાર નથી, તે કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ નહીં.

(નોંધ - પંચતંત્રમાં કીલોત્પાટી વાનરની કથાનો સાર પણ આવો જ છે.)

**3. इक्षुरसन्यायः।**

ઇક્ષુરસ એટલે શેરડીનો રસ. શેરડી અને તેમાંથી પ્રાપ્ત થતા મધુર રસને નજર સામે રાખીને આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

શેરડીના સાંઠાની અંદર કુદરતે સ્વાભાવિક રીતે જ મધુર રસ ભરી આપેલો છે. શેરડીના પ્રત્યેક સાંઠાને આ રીત કુદરત તરફથી એક સુંદર ભેટ મળેલી જ હોય છે. પરંતુ જો આ ભેટ (મધુર રસ)નો લાભ લેવો હોય, તો પ્રથમ તો એને બહાર કાઢવો પડે. આ માટે શેરડીના સાંઠાને કોલ્હૂમાં પીલવો પડે છે. જો કોઈ વ્યક્તિ શેરડીના સાંઠા તરફની વધારે પડતી લાગણીને કારણે કે વધારે પડતા પોતાના ઉદારભાવને કારણે શેરડીના સાંઠાને કોલ્હૂમાં પીલે નહીં, તો શેરડીનો સાંઠો એમને એમ પડી રહીને છેવટે સુકાઈ જાય છે. આ સ્થિતિમાં શેરડીના સાંઠામાં મધુર રસનું અસ્તિત્વ હોવા છતાં તે બહાર આવી શકતો નથી. પરિણામે તેનો લાભ પણ લઈ શકાતો નથી. કુદરતે આપેલા મધુર રસનો કોઈ મતલબ જ રહેતો નથી.

આ ઉપરથી આ ન્યાય માણસને ઉપદેશ આપે છે કે માણસની અંદર કુદરતે ગમે તેટલી શક્તિઓ ભરી હોય, પણ તેને બહાર કાઢવાનો કોઈ ઉપક્રમ કરવામાં ન આવે, તો તેનો કોઈ મતલબ રહેતો નથી.

પ્રત્યેક વિદ્યાર્થીની અંદર કુદરતે કોઈને કોઈ શક્તિ ભરેલી જ છે. એને બહાર કાઢવાનો ઉપક્રમ કરવો જરૂરી છે. આ માટે પહેલા શેરડીના સાંઠાને જેમ કોલ્હૂમાં પીલવો પડે છે તેમ જે-તે વિદ્યાર્થીને પણ તેની યોગ્યતાને અનુરૂપ પરિશ્રમ રૂપી કોલ્હૂમાં પીલવાનો રહે છે.  જો તેમ કરવામાં ન આવે તો વિદ્યાર્થીમાં કુદરતે મૂકેલી શક્તિ છેવટે સુકાઈ જાય છે અને તેનો કોઈ લાભ માનવ સમાજને કે તેને પોતાને પણ મળી શકતો નથી.

**4. उपसर्गन्यायः।**

ઉપસર્ગ સંસ્કૃત વ્યાકરણ શાસ્ત્રમાં વપરાતી એક સંજ્ઞા છે. प्र, परा જેવા શબ્દો જ્યારે કોઈ भू જેવા ક્રિયાવાચક શબ્દ-(ધાતુ)ની સાથે જોડાય છે, ત્યારે તેમની ઉપસર્ગ સંજ્ઞા થાય છે. સંસ્કૃતભાષાનો અભ્યાસુ જાણે છે કે ઉપસર્ગ સાથે જોડાઈને ધાતુનો અર્થ બદલાય છે. આ ઉપરથી આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

જેમ દરેક ધાતુનો પોતાનો અર્થ છે, છતાં તે ઉપસર્ગ સાથે જોડાઈને જુદા જુદા અર્થવાળો બની જાય છે, તેમ દરેક માણસનો પણ કોઈ ને કોઈ અર્થ (પ્રયોજન કે ઉપયોગ) હોય જ છે. પરંતુ આવા માણસને જ્યારે કોઈ ઉપસર્ગરૂપી વ્યક્તિવિશેષની સાથે જોડાવાનું થાય છે, ત્યારે તેનો મૂળ અર્થ બદલાઈ જતો હોય છે અને નવો જ અર્થ અસ્તિત્વમાં આવી જતો હોય છે.

જેમ કે - એક મજૂરી કરતો પરિવાર છે. આ પરિવારમાં રહેલા બાળકનો પોતાનો અર્થ (પ્રયોજન કે ઉપયોગ) આખો દિવસ રમતમાં અને આમ તેમ રખડવાનો છે. પરંતુ જ્યારે આ બાળક કોઈ શાળામાં પ્રવેશ લઈને શિક્ષકની સાથે જોડાય છે, ત્યારે તેનો (તેના જીવનનો) અર્થ (પ્રયોજન કે ઉપયોગ) બદલાઈ જાય છે. બાળક રૂપી ધાતુ શિક્ષકરૂપી ઉપસર્ગ સાથે જોડાઈને (રખડવાને બદલે) ભણવાનો અર્થ ધરાવતો થઈ જાય છે. આવી જ રીતે રોગી વૈદ્ય સાથે, પ્રજા રાજા સાથે, ગ્રાહક વ્યાપારી સાથે પોતપોતાના અર્થ(પ્રયોજન કે ઉપયોગ)ને બદલી શકે છે.

**5. उषरवृष्टिन्यायः।**

જે ભૂમિમાં કશું ઉત્પન્ન થતું ન હોય, તેવી ભૂમિને उषर કહે છે. वृष्टि એટલે વરસાદ. ઉષર ભૂમિમાં થતા વરસાદને ધ્યાનમાં રાખીને આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

ભૂમિ બે પ્રકારની છે. એક પ્રકારની ભૂમિમાં કંઈક ઊગી શકે છે. આવી ભૂમિ કંઈક ઉગાડી શકવાની પાત્રતા ધરાવે છે, તેથી ઉર્વરા ભૂમિ તરીકે ઓળખાય છે. બીજા પ્રકારની ભૂમિમાં કંઈ પણ ઊગી શકતું નથી. આવી ભૂમિ કંઈક ઉગાડી શકવાની પાત્રતા ધરાવતી નથી, તેથી ઉષર ભૂમિ તરીકે ઓળખાય છે. એ તો જાણીતી વાત છે કે ઉર્વરા ભૂમિમાં વૃષ્ટિ-વરસાદ થાય, તો તે ઉપયોગી બની રહે છે, જ્યારે ઉષર ભૂમિમાં વૃષ્ટિ થાય, તો તે બિનઉપયોગી બની રહે છે. આ ઉપરથી આ ન્યાય સમજાવે છે

કે જ્યાં કોઈ પાત્રતા હોય, ત્યાં કોઈ વસ્તુ પહોંચાડવામાં આવે, તો તે ઉપયોગી બની રહે છે. પરંતુ જ્યાં કોઈ પાત્રતા જ ન હોય, ત્યાં કોઈ વસ્તુ પહોંચાડવામાં આવે, તો તે બિનઉપયોગી બની રહે છે. માટે પાત્રતા જોઈને વસ્તુ આપવી જોઈએ.

જેમ કે - એક વૃક્ષ છે. આ વૃક્ષની પાત્રતા ખાતર, પાણી જમવાની છે. તેથી આ વૃક્ષને જો કોઈ ખાતર-પાણી આપે, તો તે ઉપયોગી બની રહે છે. પરંતુ કોઈ વ્યક્તિ આ વૃક્ષને દાળ, ભાત, શાક, રોટલીથી ભરેલો થાળ ધરાવે, તો તે વૃક્ષ માટે બિનઉપયોગી છે. કેમ કે, વૃક્ષમાં એ વસ્તુઓને જમવાની પાત્રતા નથી. આમ, જેની જેવી પાત્રતા હોય, તેને તેવી વસ્તુ આપવામાં આવે, તો તે ઉપયોગી છે, જ્યારે જેની જે પાત્રતા નથી, તેને તેવી વસ્તુ આપવામાં આવે, તો તે બિનઉપયોગી બની રહે છે, વ્યર્થ જાય છે.

### 6. कण्टकविद्धन्यायः।

कण्टक એટલે કાંટો અને विद्ध એટલે વીંધાયેલું. કોઈ વ્યક્તિના પગમાં કાંટો વાગ્યો હોય, તો તેવી વ્યક્તિને कण्टकविद्ध કહે છે. જ્યાં સુધી પગમાં વાગેલો કાંટો બહાર નીકળતો નથી, ત્યાં સુધી માણસ દુઃખી રહે છે. આ સંજોગોમાં પગમાંથી કાંટો કાઢવાનો રહે છે. એ હકીકત છે કે પગમાં ઘૂસેલા કાંટાને કાઢવાના કાર્યમાં કાંટો જ સહાયક બની રહે છે. આ ઉપરથી આ ન્યાય પ્રચલિત બન્યો છે.

આ ન્યાય માણસને ઉપદેશ આપે છે કે જે સાધનથી માણસને દુઃખ પ્રાપ્ત થાય છે, તે જ સાધન એ દુઃખના નિવારણનું કારણ બની શકે છે. આ ઉપદેશના આધારે માણસે પોતાના રોજબરોજના અનેક વ્યવહારો ગોઠવ્યા છે. જેમ કે - લોઢું ઘણી મજબૂત ધાતુ છે, પણ તેને કાપવા માટે એ લોઢું જ ઉપયોગી બની રહે છે. સાપના વિષનું મારણ કરવા માટે સાપના વિષમાંથી જ દવા બનાવવામાં આવે છે. આમ જ્યાંથી દુઃખની પ્રાપ્તિ થઈ હોય, ત્યાંથી જ દુઃખનું નિવારણ થાય છે.

એ ઉપરાંત આ ન્યાયમાંથી એક બીજો પણ ઉપદેશ પ્રાપ્ત થાય છે. જે કાંટામાં નુકસાન કરવાની શક્તિ છે, તે જ કાંટો માણસને લાભ પણ કરાવી શકે છે. જે વિષમાં માણસનું જીવન ખતમ કરવાની શક્તિ છે, તે જ વિષમાં માણસના જીવનને બચાવી લેવાની પણ શક્તિ છે. માટે અમુક વસ્તુ મારું નુકસાન કરી રહી છે, એમ સમજીને તેના અસ્તિત્વને કાયમી ધોરણે મિટાવી દેવાની મૂર્ખતા માણસે કરવી જોઈએ નહીં.

### 7. चित्रतुरगन्यायः।

चित्र એટલે (કાગળ કે ભીંત ઉપર દોરેલું) ચિત્ર અને तुरग એટલે ઘોડો. કાગળ કે ભીંત ઉપર દોરેલા ઘોડા ઉપરથી આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

ચિત્રમાં દોરેલો ઘોડો અને વાસ્તવિક ઘોડો - એ બે પોતપોતાની રીતે જુદા છે. વાસ્તવિક ઘોડો વાસ્તવિક છે અને ચીતરેલો ઘોડો ચીતરેલો હોય છે. એક સજીવ છે બીજો નિર્જીવ હોય છે. એક હકીકત છે અને બીજો કલ્પનામાત્ર છે. આમ છતાં એ પણ હકીકત છે કે કાગળ કે ભીંત ઉપર દોરેલા ઘોડાના આકાર-પ્રકાર અને રૂપ-રંગ ઉપરથી વાસ્તવિક ઘોડાનું જ્ઞાન થઈ શકે છે. માનો કે કોઈની પાસે વાસ્તવિક ઘોડો ઉપલબ્ધ નથી, છતાં એ વાસ્તવિક ઘોડાને જાણવા ઇચ્છે છે. આ પ્રકારની પરિસ્થિતિવાળા માણસને ઘોડાની ઓળખ કરાવવા માટે વાસ્તવિક ઘોડો હાજર કરવો જરૂરી નથી. એની ગેરહાજરીમાં કે અનુપલબ્ધતામાં પણ કોઈ જિજ્ઞાસુને વાસ્તવિક ઘોડાની સમજ કે ઓળખ આપી શકાય છે. આ પ્રકારે જ્ઞાનપ્રાપ્તિના ઉપાયનો બોધ કરાવવા માટે આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

મેડિકલ સાયન્સના વિદ્યાર્થીઓ કેટલીક વાર કાગળ ઉપર દોરેલા કે પછી પ્લાસ્ટિકમાંથી બનાવેલા શરીરના કૃત્રિમ અવયવો દ્વારા વાસ્તવિક અવયવોને જાણવાનો ઉપક્રમ કરે છે. આ પ્રવૃત્તિ માટેની પ્રેરણા પણ આ ચિત્રતુરગન્યાયમાંથી પ્રાપ્ત થાય છે. ઐતિહાસિક નાટકની ભજવણી વખતે નટ તરીકે રંગમંચ ઉપર હાજર થતું પાત્ર વાસ્તવિક હોતું નથી પણ એ અવાસ્તવિક પાત્રના આશ્રયે ઐતિહાસિક વાસ્તવિક પાત્રનું જ્ઞાન કેળવીને પ્રેક્ષક રસની અનુભૂતિ કરી શકે છે. આમ અવાસ્તવિક સાધનના આશ્રયે વાસ્તવિકને જાણવાનો ઉપક્રમ કરી શકાય છે, એ બોધ આપવા માટે આ ન્યાય ઉપકારક બની રહે છે.

**8. जलमन्थनन्यायः।**

જલ એટલે પાણી અને મન્થન એટલે વલોવવાની ક્રિયા. પાણીની વલોવવાની ક્રિયા ઉપરથી આ ન્યાય વિચારવામાં આવ્યો છે.

દહીંને વલોવવામાં આવતાં, તેમાંથી માખણ પ્રાપ્ત થાય છે. આ રીતે જોતાં વલોવવાની ક્રિયા કંઈક ફળ આપે છે, એવો બોધ મળે છે. પરંતુ આ બોધના આધારે કોઈ માણસ પાણીને વલોવવા માંડે, તો એમાંથી કોઈ ફળ પ્રાપ્ત કરી શકાતું નથી. અર્થાત્ (દહીંને વલોવવું ભલે ફળદાયી હોય, પણ) પાણીને વલોવવું સર્વથા નિરર્થક છે. આ ઉપદેશ આપવા માટે આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે. માણસે એ વાત બરાબર સમજી લેવા જેવી છે કે જે ક્રિયા કરવાથી કોઈ ફળ પ્રાપ્ત ન થાય, તે ક્રિયામાં પોતાનો સમય અને શક્તિ વાપરવાની જરૂર નથી.

જેમ કે - માણસને કોઈ રોગ થાય, તો તેણે એનો ઉપચાર કરાવવો ઘટે. (અહીં મંથન ક્રિયાને ઉપચાર, પાણીને દોરો-ધાગો અને દહીંને દવા કલ્પીને વિચારવાનું છે.) આ ઉપચારની પ્રક્રિયામાં જે દવા લેવાથી રોગ મટી જતો હોય, તે દવા લેવાના ઉપક્રમરૂપ ક્રિયા રોગ મટાડવારૂપ ફળની પ્રાપ્તિ કરાવી શકે છે. પરંતુ દોરા-ધાગાને બાંધવાના ઉપક્રમરૂપ ક્રિયા રોગને મટાડવાનું ફળ પ્રાપ્ત કરાવી શકતી નથી. ફલતઃ રોગનિવારણ માટે દોરા-ધાગા બંધાવવા એ જલમંથન જેવું નિરર્થક કર્મ બની રહે છે.

**9. नदीसमुद्रन्यायः।**

અહીં नदी અને समुद्र એ બે શબ્દો નદી અને સમુદ્રના વાચક છે. નદી કોઈ સ્થળેથી નીકળે છે. સમુદ્ર તરફ વહે છે અને છેવટે સમુદ્રમાં ભળી જાય છે. નદી-સમુદ્રના આ પ્રકારના સંબંધ ઉપરથી આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

જ્યાંથી નદી ઉદ્ભવે છે, ત્યાંથી લઈને છેક સમુદ્ર સુધી પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે. એ પછી જ્યારે તે સમુદ્રમાં ભળે છે, ત્યારે એનું સ્વતંત્ર અસ્તિત્વ સમાપ્ત થઈ જાય છે. નદી હવે સમુદ્રનું રૂપ લઈ લે છે, સમુદ્ર બની જાય છે. અહીં નદીના સ્વતંત્ર અસ્તિત્વની સમાપ્તિ નદીનો વિનાશ નથી, પરંતુ એનું રૂપ પરિવર્તન છે અને તે પણ ગુણાત્મક કે ઉત્કર્ષાત્મક છે. આ ઉપરથી માણસે ઉપદેશ લેવાનો છે કે નદીની જેમ વ્યક્તિ તરીકે આપણું જે સ્વતંત્ર જીવન છે તે સમાજ કે રાષ્ટ્ર તરફ ગતિ કરનારું હોવું જોઈએ. સ્વતંત્રતાપૂર્વક જીવતાં જીવતાં સમાજ અને રાષ્ટ્ર સુધી પહોંચવાનું છે અને ત્યાં પહોંચીને પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ સમાપ્ત કરી દેવાનું છે. આમ થતાં વ્યક્તિ વ્યક્તિ મટીને સમાજ કે રાષ્ટ્ર જ બની જાય છે.

જેમ કે, એક બાળક છે. તે કોઈ એક પરિવારમાં જન્મે છે. અહીં તે પોતાનું સ્વતંત્ર જીવન જીવે છે. તેનું એક સ્વતંત્ર નામ પણ હોય છે. સમય જતાં આ બાળક સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતી એક વ્યક્તિ બની રહે છે. પ્રસ્તુત ન્યાય શીખવે છે, કે આ વ્યક્તિ તરીકે જીવતા માણસની ગતિ દેશરૂપી સમુદ્ર તરફ હોવી જોઈએ. વ્યક્તિગત જીવન જીવતાં જીવતાં એનું પહોંચવાનું લક્ષ્ય દેશ કે રાષ્ટ્ર હોવું જોઈએ. એ પછી સમય થતાં જ્યારે આવી વ્યક્તિ રાષ્ટ્રને પ્રાપ્ત થઈ જાય, ત્યારે તે વ્યક્તિએ પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ભૂલાવી દેવાનું છે અને પોતાને રાષ્ટ્ર સમજવાનું છે. રાષ્ટ્રમાં રહેતી પ્રત્યેક વ્યક્તિ આ પ્રમાણે જીવન જીવે, તો જેમ નદી સમુદ્રમાં સમાઈ જવાને લીધે સમુદ્ર સર્વદા સમૃદ્ધ રહે છે, તેમ રાષ્ટ્ર પણ સર્વદા સમૃદ્ધ રહે છે.

**10. रज्जुसर्पन्यायः।**

रज्जु એટલે દોરડું અને सर्प એટલે સાપ. અંધારામાં પડેલા દોરડામાં સાપ અને સાપમાં દોરડાની પ્રતીતિ થતી હોય છે. એ ઉપરથી આ ન્યાયની પરિકલ્પના કરવામાં આવી છે.

સાચી અને ખોટી હકીકતની વચ્ચે ઘણું અંતર હોય છે. પણ જો એમની વચ્ચે અંધારું પ્રવેશે, તો આ અંતર ઘટી જતું હોય છે. જેમ કે - દોરડું એ દોરડું છે અને સાપ એ સાપ છે. હકીકતે બંનેની વચ્ચે ઘણું અંતર છે. દોરડું જડ છે અને સાપ ચેતન છે. જે જડ છે, તે હાલતું કે ચાલતું નથી પણ જે ચેતન છે તે હાલે છે અને ચાલે પણ છે. આ રીતે દોરડા અને સાપમાં ઘણું અંતર છે.

એટલે અજવાળું હોય, ત્યારે માણસ બંનેને ઓળખી લે છે. પરંતુ જ્યારે અંધારું હોય છે, ત્યારે માણસને માટે દોરડા અને સાપમાં અંતર કરવું મુશ્કેલ બની રહે છે. આવી સ્થિતિમાં માણસ ક્યારેક દોરડામાં સાપની અને સાપમાં દોરડાની પ્રતીતિ કરી લે છે. પરિણામે જ્યાં ડરવાનું હતું ત્યાં ડરતો નથી અને જ્યાં ડરવાની જરૂર ન હતી ત્યાં ડરી જાય છે. આવું ન થાય તે માટે માણસે અજવાળાનો આશ્રય લેવાનો છે.

સામેની વસ્તુમાં માણસ ક્યારેક પોતાની માન્યતાના આધારે ધારણા ઊભી કરી લે છે. એ પછી એ ધારણાને વશ વર્તીને પોતાનો વ્યવહાર ગોઠવે છે. આવી સ્થિતિમાં પણ માણસને ક્યારેક નકામું દુઃખ વેઠવાનો વારો આવે છે. આમ ન થાય, તે માટે માણસે પ્રયત્નપૂર્વક અજ્ઞાનના અંધકારમાંથી બહાર આવવું જોઈએ. જે વાસ્તવિકતા હોય, તેનો સ્વીકાર કરીને જીવનના વ્યવહારો ગોઠવવા જોઈએ.

•

# ✻ અભ્યાસ 2 - અલંકાર-પરિચય ✻

અગાઉ તમે ધોરણ 11માં અલંકારને લગતી સામાન્ય વિગતો તથા उपमा, उत्प्रेक्षा, रूपक તથા अतिशयोक्ति એ ચાર અલંકારો ઉદાહરણસહ ભણી ગયા છો. એ પરંપરામાં હવે અહીં 1. શ્લેષ 2. व्याजस्तुति 3. विरोध અને 4. अर्थान्तरन्यास એ ચાર અલંકારોનો અભ્યાસ કરીશું.

**1. શ્લેષ:**

લક્ષણ - **શ્લેષ: स वाक्ये एकस्मिन् यत्रानेकार्थता भवेत्।**

અર્થાત્ જ્યાં એક જ વાક્યમાં અનેક અર્થોનો બોધ થતો હોય ત્યાં શ્લેષ અલંકાર બને છે.

જેમ કે – **केशवं पतितं दृष्ट्वा पाण्डवा हर्षमागताः। रुदन्ति कौरवाः सर्वे हा हा केशव केशव॥**

[ **શ્લોકાર્થ 1.** કેશવને (કૃષ્ણને) પડેલા જોઈને પાંડવો (યુધિષ્ઠિર વગેરે) આનંદમાં આવી ગયા. બધા જ કૌરવો (દુર્યોધન વગેરે) હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એમ કરીને રડવા લાગ્યા.]

(આ શ્લોકમાં આવતાં केशवः, पाण्डवाः અને कौरवाः એ ત્રણ પદોના બે બે અર્થ છે. તેમાંથી એક અર્થ ઉપર્યુક્ત શ્લોકાર્થમાં જોઈ શકાય છે. હવે બીજા અર્થ પ્રમાણે જોતાં જે શ્લોકાર્થ પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે છે - **શ્લોકાર્થ 2.** के અર્થાત્ પાણીમાં પડેલા शवम् શબને જોઈને બધાં पाण्डवाः અર્થાત્ માછલાંઓ આનંદમાં આવી ગયાં અને બધા कौरवाः કાગડા અરેરે... શબ પાણીમાં ગયું, એમ કહીને રડવા લાગ્યા.)

અહીં केशवम् - કૃષ્ણને અને के शवम् પાણીમાં પડેલા શબને, पाण्डवाः - પાંડવો અને બીજો અર્થ માછલાં, कौरवाः - કૌરવો અને બીજો અર્થ (જેનો कौ कौ અવાજ છે તે) કાગડા - આમ, એક જ શબ્દના બે બે અર્થ છે. આ બે પ્રકારના અર્થોને કારણે ચમત્કૃતિ સર્જાય છે. આમ અહીં એક જ શબ્દના અનેક અર્થોનો બોધ થતો હોવાથી શ્લેષ અલંકાર છે, એમ કહેવાય છે.

**2. व्याजस्तुतिः**

લક્ષણ - **व्याजस्तुतिर्मुखे निन्दा स्तुतिर्या रूढिरन्यथा।**

અર્થાત્ જ્યાં દેખીતી રીતે નિંદા કે સ્તુતિ હોય, પણ અંતે તેનું પરિણામ વિપરીત હોય (અર્થાત્ નિંદા સ્તુતિ બની જતી હોય અને સ્તુતિ નિંદા બની જતી હોય) તો તેને વ્યાજસ્તુતિ અલંકાર કહે છે.

જેમ કે - (1. નિંદામુખે સ્તુતિનું ઉદાહરણ) **कः स्वर्धूनि विवेकस्ते पापिनो नयसे दिवम्।**

(અર્થ - હે દેવનદી ગંગા તારો વિવેક ક્યાં ગયો કે તું પાપીઓને સ્વર્ગમાં લઈ જઈ રહી છે ?)

અહીં ગંગામાં વિવેક રહ્યો નથી, એમ કહીને દેખીતી રીતે નિંદા કરવામાં આવી રહી છે, પરંતુ હકીકતે આ નિંદાની પાછળ (ગંગાનદી પાપીઓને પણ સ્વર્ગે લઈ જનારી દેવમાતા છે, એવા પ્રકારની) સ્તુતિ રહેલી છે. આથી અહીં વ્યાજસ્તુતિ અલંકાર છે, એમ કહેવાય છે.

(2. સ્તુતિમુખે નિંદાનું ઉદાહરણ)

**किमहं वदामि खल दिव्यमते गुणपक्षपातमभितो भवतः।**

**गुणशालिनो निखिलसाधुजनान् यदहर्निशं न खलु विस्मरसि॥**

(**શ્લોકાર્થ** - હે દિવ્ય બુદ્ધિવાળા દુર્જન ! તારા ગુણ પ્રત્યેના પક્ષપાતની તો ખરેખર શી વાત કરું ? તું ગુણવાન એવા બધા જ સજ્જનોને રાત-દિવસ સાચે જ ભૂલતો નથી.)

અહીં દુર્જન સજ્જનોને રાત-દિવસ ભૂલતો નથી, એ એક પ્રકારની દુર્જનોની સ્તુતિ લાગે છે. પરંતુ હકીકતમાં દુર્જનો સજ્જનોને સતત પરેશાન કરતા હોય, એવા પ્રકારની નિંદાનો ભાવ છે. આથી અહીં વ્યાજસ્તુતિ અલંકાર છે, એમ કહેવાય છે.

**3. विरोधः**

લક્ષણ - **विरोधः सोऽविरोधेऽपि विरुद्धत्वेन यद् वचः।**

(વાસ્તવિકરૂપે) વિરોધ ન હોય, તેમ છતાં પણ જ્યાં વિરોધ દર્શાવતાં વચનો આવે, તો ત્યાં વિરોધ અલંકાર હોય છે.

જેમ કે - **या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।**

**यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः॥**

[**શ્લોકાર્થ** - સામાન્ય જીવો માટે જે રાત્રિ (સૂવાનો સમય) છે, ત્યારે સંયમી (મુનિ) જાગે છે અને સામાન્ય જીવો જ્યારે જાગે છે, ત્યારે તે જાગતા મુનિને માટે રાત્રિ (સૂવાનો સમય) હોય છે.]

એ તો જગ જાહેર છે કે રાત્રિનો સમય પ્રાણીઓને માટે શયનનો સમય છે. આમ છતાં અહીં સંયમી માટે તે સમયને જાગવાનો સમય કહીને વિરોધ દર્શાવવામાં આવ્યો છે. એવી જ રીતે જે સમયમાં સામાન્ય જીવો જાગે છે અને આહાર-વિહાર કરે છે, તે સમયને સયંમી માટે રાત્રિ (સૂવા માટે)નો સમય કહીને વિરોધ દર્શાવ્યો છે. આથી અહીં વિરોધ અલંકાર છે, એમ કહેવાય છે.

(વિશેષ - રાત્રિ અર્થાત્ નિવૃત્તિ અને જાગરણ અર્થાત્ પ્રવૃત્તિ. જે સમયમાં સામાન્ય લોકો ભોગવિલાસમાં પ્રવૃત્ત રહે છે, તે સમયમાં સંયમી ઋષિ-મુનિઓ નિવૃત્ત હોય છે. આમ અહીં વિરોધની સ્થિતિ વર્ણવવામાં આવી છે, જે ચમત્કૃતિ સર્જે છે.)

**4. अर्थान्तरन्यासः**

લક્ષણ - **सामान्यं वा विशेषो वा तदन्येन समर्थ्यते।**

**यत्र सोऽर्थान्तरन्यासः साधर्म्येणेतरेण वा॥**

અર્થાત્ જ્યાં સામાન્ય અથવા વિશેષ હકીકતનું, તેનાથી અન્ય વડે એટલે કે સામાન્યનું વિશેષ વડે અથવા વિશેષનું સામાન્ય વડે સાધર્મ્યથી કે પછી વૈધર્મ્યથી સમર્થન કરવામાં આવે, ત્યાં અર્થાન્તરન્યાસ અલંકાર થાય છે.

જેમ કે - **यः स्वभावो हि यस्यास्ति स नित्यं दुरतिक्रमः।**

**श्वा यदि क्रियते राजा तत्किं नाश्नात्युपानहम्॥**

(**શ્લોકાર્થ** - જે જેનો સ્વભાવ છે, તે હંમેશાં દૂર કરવો મુશ્કેલ છે. કૂતરાને રાજા બનાવી દેવામાં આવે, તો શું તે જોડો ચાવતો નથી ?)

અહીં જેનો જે સ્વભાવ છે, તે દૂર કરવો મુશ્કેલ છે - એવી સામાન્ય (બધાને લાગુ પડી શકે, તેવી) વાત કહીને, કૂતરાની રાજા બન્યા પછી પણ જોડો ચાવવાની (વિશેષ) વાતથી સમર્થન કરવામાં આવ્યું છે. આથી અહીં અર્થાન્તરન્યાસ અલંકાર છે.

આ અલંકારની શરત એવા સમર્થનનો સંકેત આપનારાં પદો આ પ્રમાણે છે - हि, यतः, यत्। પણ એ હોય જ એ જરૂરી નથી.

(વિશેષ - આ અલંકાર દ્વારા જીવનનાં અનેક છૂપાં રહસ્યોનું સરળતાથી ઉદ્ઘાટન થઈ શકે છે. સીધી રીતે જોઈએ, તો કોઈ પણ વિશેષ કે સામાન્ય બાબત એટલી અસરકારક નથી લાગતી જેટલી આ અલંકારનો પ્રયોગ કરીને સામાન્યને વિશેષ વડે સમર્થન આપીને રજૂ કરવામાં આવે છે. આ કારણથી સંસ્કૃતસાહિત્યના સુભાષિતોમાં આ અલંકાર પુષ્કળ પ્રમાણમાં વપરાયેલો જોવા મળે છે.)

●

# ✻ અભ્યાસ 3 - છંદપરિચય ✻

ધોરણ 11માં તમે સંસ્કૃતના છંદોને લગતી પ્રાથમિક જરૂરી માહિતી મેળવી લીધી છે અને તે સાથે 1. अनुष्टुप् 2. मन्दाक्रान्ता 3. मालिनी 4. तोटक અને 5. इन्द्रवज्रा એ પાંચ છંદોનું લક્ષણ અને ઉદાહરણ ભણી ગયા છો. આના અનુસંધાને અહીં બીજા પાંચ છંદોનો અભ્યાસ કરવાનો છે. આ પાંચ છંદોનાં નામ આ પ્રમાણે છે - 1. आर्या 2. शिखरिणी 3. वंशस्थ 4. वसन्ततिलका અને 5. शार्दूलविक्रीडित. આ છંદોનાં લક્ષણ અને ઉદાહરણ નિમ્નાનુસાર છે.

**1. आर्या**

આર્યા માત્રામેળ છંદ છે. માત્રામેળ છંદમાં અક્ષરોની સંખ્યા કે તેમનું લઘુ-ગુરુ સ્વરૂપ નિશ્ચિત હોતાં નથી. પરંતુ માત્રાઓની સંખ્યા નિર્ધારિત હોય છે. (લઘુની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણવામાં આવે છે.) આનું લક્ષણ આ રીતે આપવામાં આવ્યું છે -

**यस्याः प्रथमे पादे द्वादशमात्राः तथा तृतीयेऽपि।**

**अष्टादश द्वितीये चतुर्थके पञ्चदश साऽऽर्या॥**

અર્થાત્ જેના પ્રથમ અને તૃતીય ચરણમાં બાર-બાર માત્રાઓ હોય, દ્વિતીય ચરણમાં અઢાર અને ચતુર્થ ચરણમાં પંદર માત્રાઓ હોય છે, તેને આર્યા છંદ કહે છે.

ઉદાહરણ -

**व्यसने मित्रपरीक्षा शूरपरीक्षा रणाङ्गणे भवति।**

**विनये भृत्यपरीक्षा दानपरीक्षा च दुर्भिक्षे॥**

(**શ્લોકાર્થ** - મિત્રની પરીક્ષા સંકટ સમયમાં થાય છે. શૂરવીરની પરીક્ષા યુદ્ધભૂમિમાં થાય છે. ચાકરની પરીક્ષા વિનયમાં અને દાનની પરીક્ષા દુષ્કાળમાં થાય છે.)

અહીં ઉપર્યુક્ત પદ્યના પ્રથમ ચરણમાં બાર માત્રાઓ છે. જેમ કે - व्य (1) स (1) ने (2) मि (2) त्र (1) प (1) री (2) क्षा (2) - એમ બાર માત્રાઓ છે. એવી જ રીતે બીજા ચરણમાં शू (2) र (1) प (1) री (2) क्षा (2) र (1) णा (2) ङ्ग (1) णे (2) भ (1) व (1) ति (2) - એમ કુલ અઢાર માત્રાઓ છે. એવી જ રીતે તૃતીય ચરણમાં वि (1) न (1) ये (2) भृ (2) त्य (1) प (1) री (2) क्षा (2) - એમ બાર અને છેલ્લે ચતુર્થ ચરણમાં दा (2) न (1) प (1) री (2) क्षा (2) च (1) दु (2) र्भि (2) क्षे (2) - એમ પંદર માત્રાઓ છે. આથી આ પદ્યમાં આર્યા છંદ છે, એમ કહેવાય.

**2. शिखरिणी**

આ છંદનું લક્ષણ છે - **रसैरुद्रैश्छिन्ना यमनसभला गः शिखरिणी।** અર્થાત્ જે પદ્યના દરેક ચરણમાં અનુક્રમે य ગણ, म ગણ, न ગણ, स ગણ, भ ગણ અને તે પછી ક્રમશઃ ल એટલે લઘુ અને ग એટલે ગુરુ - એમ કુલ સત્તર અક્ષર હોય છે, તે શિખરિણી છંદ કહેવાય છે. અહીં રસ એટલે કે 6 અક્ષરે યતિ આવે છે અને તે પછી રુદ્ર એટલે કે 11 અક્ષરે (6 વત્તા 11 એમ કુલ 17 અક્ષરે) યતિ આવે છે.

ઉદાહરણ -

**गु णा य न्ते दो षाः सु ज न व द ने दु र्ज न मु खे**

**गु णा दो षा य न्ते त दि द म पि नो वि स्म य प द म्।**

**महामेघः क्षारं पिबति कुरुते वारि मधुरं**

**फणी क्षीरं पीत्वा वमति गरलं दुःसहतरम्॥**

[શ્લોકાર્થ - દોષ હોય, તો પણ સજ્જનના મુખે તે ગુણ બની જાય છે. ગુણ હોય, તોપણ દુર્જનના મુખે તે દોષ બની જાય છે. અમારા માટે આ વિસ્મય ઉપજાવે તેવી વાત છે. (એવી જ રીતે) મહામેઘ = વાદળ ક્ષારવાળું પાણી પીવે છે અને પાણીને મધુર બનાવી દે છે. જ્યારે સાપ દૂધ પીને વિષવમન કરે છે, એ અત્યંત અસહ્ય બની રહે તેવી વાત છે.]

અહીં દરેક ચરણમાં સત્તર અક્ષર છે. આ સત્તર અક્ષરોના પાંચ ત્રિક બને છે અને બાકીના છેલ્લા બે અક્ષર લઘુ અને ગુરુના રૂપમાં સ્વતંત્ર છે. હવે અહીં જે પાંચ ત્રિક છે, તેમાં (गु णा य) મધ્યગુરુ અર્થાત્ य ગણ, (न्ते दो षाः) સર્વગુરુ અર્થાત્ म ગણ, (सु ज न) સર્વલઘુ અર્થાત્ न ગણ, (व द ने) અંતગુરુ અર્થાત્ स ગણ, (दु र्ज न) આદિગુરુ અર્થાત્ भ ગણ, અને છેલ્લે मु લઘુ અને खे ગુરુ છે.

આથી આ પદ્યમાં જે છંદ વપરાયો છે, તે શિખરિણી છે.

આ શ્લોકના ગાન વખતે દરેક ચરણમાં 6 અક્ષરે અને (તે પછીના) 11મા અક્ષરે યતિ આવે છે.

### 3. वंशस्थ

આ છંદનું લક્ષણ છે - **जतौ तु वंशस्थमुदीरितं जरौ।** અર્થાત્ જે પદ્યના પ્રત્યેક ચરણમાં (બાર અક્ષર હોય, અને તે) અનુક્રમે ज ગણ, त ગણ, ज ગણ અને र ગણ હોય, તેને વંશસ્થ છંદ કહે છે.

ઉદાહરણ -

**वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं**

**द्रुमालयः पत्रफलाम्बुभोजनम्।**

**तृणानि शय्या वसनं च वल्कलं**

**न बन्धुमध्ये धनहीनजीवनम्॥**

(**શ્લોકાર્થ** - વાઘ અને હાથીથી સેવાયેલું જંગલ સારું, ઝાડરૂપી ઘર સારું, પાંદડાં, ફળ અને પાણીનું ભોજન સારું, ઘાસની શય્યા અને વલ્કલ વસ્ત્રો પહેરવાં સારાં, પણ બંધુ-બાંધવોની વચ્ચે ધનહીન જીવન જીવવું સારું નથી.)

અહીં પ્રથમ ચરણમાં કુલ મળીને બાર અક્ષરો છે. આ બાર અક્ષરોના ચાર ત્રિક બને છે. આ ચાર ત્રિકોમાં પ્રથમ (व रं व) મધ્યગુરુ અર્થાત્ ज ગણ (नं व्या घ्र) અંતલઘુ અર્થાત્ त ગણ (ग जे न्द्र) મધ્યગુરુ એટલે કે ज ગણ અને છેલ્લે (से वि तं) એમ મધ્યલઘુ અર્થાત્ र ગણ છે.

આથી આ વંશસ્થ છંદનું ઉદાહરણ બની રહે છે.

### 4. वसन्ततिलका

આ છંદનું લક્ષણ છે - **उक्ता वसन्ततिलका तभजा जगौ गः।** અર્થાત્ જે પદ્યના પ્રત્યેક ચરણ (માં 14 અક્ષર હોય છે, અને તે) અનુક્રમે त ગણ, भ ગણ, ज ગણ અને ज ગણ હોય અને છેલ્લા બે અક્ષર ગુરુ હોય, ત્યાં वसन्ततिलका છંદ હોય છે.

ઉદાહરણ

**निन्दन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु**

**लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम्।**

**अद्यैव वा मरणमस्तु युगान्तरे वा**

**न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः॥**

(**શ્લોકાર્થ** - નીતિમાં પારંગત મહાનુભાવો નિંદા કરે કે પછી સ્તુતિ કરે, લક્ષ્મી મરજી મુજબ આવે કે પાછી ચાલી જાય, આજે જ મરણ થાય કે પછી યુગાંતરે મરણ થવાનું હોય, ધીર માણસો ન્યાયના માર્ગ ઉપરથી ડગલું પણ વિચલિત થતા નથી.)

આ શ્લોકના દરેક ચરણમાં ચૌદ અક્ષર છે. તે ચૌદ અક્ષરોનાં ત્રણ ત્રિક બને છે અને બાકીના બીજા બે અક્ષરો ગુરુ છે. એમાં (नि न्द न्तु) એ અંતલઘુ અર્થાત્ त ગણ, (नी ति नि) એ આદિગુરુ અર્થાત્ भ ગણ, (पु णाः य) એ મધ્યગુરુ અર્થાત્ ज ગણ, (दि वा स्तु) એ મધ્યગુરુ અને અંતે व (ગુરુ) તથા न्तु (ગુરુ) છે. આથી અહીં વસંતતિલક છંદ છે.

**5. शार्दूलविक्रीडितम्**

આ છંદનું લક્ષણ છે - **सूर्याश्वैर्यदि मः सजौ सततगाः शार्दूलविक्रीडितम्।** અર્થાત્ જે પદ્યના ચારેય ચરણમાં ક્રમશઃ म ગણ, स ગણ, ज ગણ, स ગણ, त ગણ, त ગણ હોય છે અને અંતિમ અક્ષર ગુરુ હોય છે, તેને શાર્દૂલવિક્રીડિત છંદ કહે છે. અહીં સૂર્ય અર્થાત્ બાર અને (તે પછી) અશ્વ અર્થાત્ સાત અક્ષરે (અર્થાત્ પાદના અંતે) યતિ હોય છે.

ઉદાહરણ -

**या कुन्देन्दुतुषारहारधवला या शुभ्रवस्त्रावृता**

**या वीणावरदण्डमण्डितकरा या श्वेतपद्मासना।**

**या ब्रह्माच्युतशङ्करप्रभृतिभिर्देवैः सदा वन्दिता**

**सा मां पातु सरस्वती भगवती निःशेषजाड्यापहा॥**

(**શ્લોકાર્થ** - જે મોગરાના ફૂલ, ચંદ્ર અને હિમસમૂહ જેવાં શ્વેત છે, જેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે, જેમના હાથ વીણાના શ્રેષ્ઠ દંડથી શોભી રહ્યા છે, જે શ્વેત કમળરૂપી આસન ઉપર બિરાજમાન છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વગેરેથી વંદિત છે, જે બુદ્ધિની સંપૂર્ણ જડતાને હણનારાં છે, તે દેવી ભગવતી સરસ્વતી મારું રક્ષણ કરો.)

આ શ્લોકના દરેક ચરણમાં ઓગણીસ અક્ષર છે. તેના 6 ત્રિક બને છે. બાકીનો છેલ્લો અક્ષર સ્વતંત્ર રહે છે, જે ગુરુ છે. આ છ ત્રિકોમાં પ્રથમ ત્રિક (या कु न्दे) સર્વગુરુ અર્થાત્ म ગણ, (न्दु तु षा) અંતગુરુ અર્થાત્ स ગણ, (र हा र) મધ્યગુરુ અર્થાત્ ज ગણ, (ध व ला) અંતગુરુ અર્થાત્ स ગણ, (या शु भ्र) અંતલઘુ અર્થાત્ त ગણ, (व स्त्रा वृ) અંતલઘુ અર્થાત્ त ગણ અને છેલ્લે ता એ ગુરુ અક્ષર હોવાથી અહીં શાર્દૂલવિક્રીડિત છંદ છે, એમ કહેવાય. આનું ગાન કરતી વખતે દરેક ચરણમાં પહેલા 12 અક્ષરે અને પછી 7 અક્ષરે (અર્થાત્ ચરણને અંતે, 19મા અક્ષરે) યતિ આવે છે.

•

# ✻ અભ્યાસ 4 - સંસ્કૃતસાહિત્યનો પરિચય ✻

**1. ગૃહ્યસૂત્ર સામાન્ય પરિચય**

ધોરણ અગિયારમાં તમને વૈદિકસાહિત્યનો થોડો પરિચય થયો છે. ત્યાં તમે વેદસંહિતાઓના પરિચયની સાથે સાથે વેદાંગસાહિત્યનો પણ નામતઃ પરિચય કર્યો છે. એ માહિતીને સ્મરણમાં લઈને હવે અહીં વૈદિકસાહિત્યનો થોડો વધારે પરિચય મેળવીશું.

વૈદિકસાહિત્યમાં વેદ નામના એક પુરુષની કલ્પના કરવામાં આવી છે. એ પછી (જેમ માણસને પોતાની રક્ષા માટે મુખ, નાસિકા, નેત્ર, શ્રોત્ર (કાન), હસ્ત અને પાદ - જેવાં અંગો છે, તેમ) આ વેદ પુરુષની રક્ષા માટે (નાસિકા તરીકે) શિક્ષા, (હસ્ત તરીકે) કલ્પ, (મુખ તરીકે) વ્યાકરણ, (શ્રોત્ર તરીકે) નિરુક્ત, (પાદ તરીકે) છંદ અને (નેત્ર તરીકે) જ્યોતિષ - એમ કુલ છ અંગો (અર્થાત્ વેદાંગો)ની રચના કરવામાં આવી છે, એમ મનાય છે. આમાંથી જે કલ્પ નામનું વેદાંગ છે, તેનો અહીં સંક્ષેપમાં પરિચય કરીશું.

કલ્પશાસ્ત્રનો પરિચય આપતાં કહેવાયું છે કે कल्पो वेदविहितानां कर्मणाम् आनुपूर्वेण कल्पनाशास्त्रम्। અર્થાત્ વેદમાં કહેલાં કર્મોને અનુક્રમે જ્યાં કલ્પિત કરવામાં આવ્યાં છે, તે કલ્પનાશાસ્ત્ર એ 'કલ્પ' છે. આશય એ છે કે વેદોક્ત કર્મોને કેવી રીતે કરવાનાં છે, એનું ક્રમપૂર્વકનું આયોજન વિચારવાનું કાર્ય આ કલ્પશાસ્ત્રનો વિષય છે. આના ચાર ભાગ છે - 1. શ્રૌતસૂત્ર 2. ગૃહ્યસૂત્ર 3. ધર્મસૂત્ર અને 4. શુલ્વસૂત્ર.

આમાંથી જે 1. શ્રૌતસૂત્ર છે, તેમાં પ્રતિદિન કરવામાં આવતા અગ્નિહોત્રથી લઈને અમુક વિશેષ નિમિત્તે કરવાના થતા યજ્ઞો કેવી રીતે કરવા, એ બતાવવામાં આવ્યું છે. 2. ગૃહ્યસૂત્રમાં દરેક ગૃહસ્થે ઘરમાં જે જે ધાર્મિક ક્રિયાઓ કરવાની હોય છે, તેમનો અને સંસ્કારવિધિના વિધિ-વિધાનોનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે. 3. ધર્મસૂત્રમાં સમાજ અને રાજ્યને લગતા વિધિ-નિયમ (કાયદા કાનૂન)ને લગતી બાબતોનું વર્ણન છે. આને આચારશાસ્ત્ર પણ કહે છે. આમાં માણસનાં વ્યક્તિગત કર્મો અને સામાજિક કર્તવ્યોને લગતી બાબતોનો નિર્દેશ છે. (આ ધર્મસૂત્રોના આધારે સમય જતાં સ્મૃતિશાસ્ત્રોની રચના થઈ છે.) 4. શુલ્વસૂત્ર એક રીતે તો ગણિતશાસ્ત્રીય વૈજ્ઞાનિક ગ્રંથ છે. આમાં યજ્ઞકુંડ અને યજ્ઞશાળા બનાવવા માટે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. આ સંદર્ભે અહીં જ્યામિતિશાસ્ત્રને લગતાં અનેક પ્રમેયો પણ આપવામાં આવ્યાં છે.

આમાંથી ગૃહ્યસૂત્રસાહિત્ય અનેક કારણોથી મહત્ત્વનું છે. જેમ કે - 1. આ ગૃહ્યસૂત્રોનો સંબંધ ગૃહસ્થજીવન સાથે છે. પ્રત્યેક માણસનો ગૃહસ્થજીવનનો કાળ માતા-પિતારૂપી પૂર્વજો અને સંતાનરૂપી અનુજોની સાથે જોડાયેલો છે. તેથી એક રીતે તો આ એક પેઢીની સાથે નહીં, પરંતુ એકી સાથે ત્રણ ત્રણ પેઢી સાથે જોડાયેલો જીવનનો ઉત્તમ કાળ હોય છે. સ્વાભાવિક છે આ કાળમાં કરવાનાં થતાં કાર્યો પણ ઉપર્યુક્ત ત્રણેય પેઢી સાથે સંકળાયેલાં હોય છે. 2. માનવના આત્માનો પરિષ્કાર કરવા માટે પ્રચલિત બનેલા સોળ સંસ્કારોનું વિધિ-વિધાન પણ આ ગૃહ્યસૂત્રનો વિષય છે. 3. વિવાહ, ઉપનયન અને અંત્યેષ્ટિ જેવી ક્રિયાઓમાં આજે પણ જે એકરૂપતા દેખાય છે, તે આ ગૃહ્યસૂત્રોના પ્રતાપે છે.

વૈદિકસાહિત્યના (કલ્પશાસ્ત્રના) ભાગરૂપ આ ગૃહ્યસૂત્રોનું સાહિત્ય ઘણું વિસ્તૃત છે. આજે ઋગ્વેદનાં ત્રણ, યજુર્વેદનાં એક વત્તા નવ, સામવેદનાં પાંચ અને અથર્વવેદનું એક - એમ કુલ મળીને ઓગણીસ ગૃહ્યસૂત્રો ઉપલબ્ધ છે. આમાં સૌથી વધારે પ્રસિદ્ધિ આશ્વલાયન અને પારસ્કર ગૃહ્યસૂત્રની છે. આશ્વલાયન ગૃહ્યસૂત્રને પ્રાચીનતમ માનવામાં આવે છે. આના રચયિતા આચાર્ય આશ્વલાયન છે. આમાં ખૂબ જ સરળ રીતે સંસ્કારોનો વિધિ ઉપદેશવામાં આવ્યો છે. પારસ્કર ગૃહ્યસૂત્રના રચયિતા આચાર્ય પારસ્કર છે. એનો રચનાકાળ ઈ. પૂર્વે બીજી શતાબ્દીનો મનાય છે. આમાં ત્રણ કાંડ છે. દરેક કાંડનું આંતરિક વિભાજન કંડિકાઓમાં છે. ત્રણેય કાંડમાં મળીને કુલ એકાવન કંડિકાઓ છે.

**2. રામાયણ પરિચય**

**सदूषणापि निर्दोषा सखरापि सुकोमला।**

**नमस्तस्मै कृता येन रम्या रामायणी कथा॥**

અર્થાત્ જે દૂષણ (આ નામનો રાક્ષસ અહીં પાત્ર તરીકે) હોવા છતાં પણ (સદોષ નહીં, પરંતુ) નિર્દોષ છે. ખર

(આ નામનો રાક્ષસ અહીં પાત્ર તરીકે) હોવા છતાં પણ (ખર એટલે કે કઠોર નહીં, પરંતુ) સુકોમળ છે. આવી રમણીય રામાયણ કથા કરનારને અમારાં નમન હો.

આ શ્લોકમાં જેની કીર્તિ ગવાયેલી છે તે રમ્યા રામાયણી કથા એટલે મહર્ષિ વાલ્મીકિ દ્વારા વિરચિત रामायणम्. રામાયણને સંસ્કૃતસાહિત્યનું આદિકાવ્ય અને તેના કર્તા મહર્ષિ વાલ્મીકિને આદિકવિ તરીકે ઓળખવામાં આવે છે. એમ કહેવાય છે કે શિકારીના બાણથી વીંધાયેલ ક્રૌંચ (નર) પક્ષીને માટે વિલાપ કરતી ક્રૌંચ(માદા)ને જોઈને વાલ્મીકિને શોકનો અનુભવ થયો, અને આ શોક એમના મુખમાંથી શ્લોકરૂપે સરી પડ્યો. આ શોકના શ્લોકત્વને પામવાની ઘટના રામાયણની રચનાનું પ્રેરણાસ્થાન છે. (मा निषाद प्रतिष्ठां त्वमगमः शाश्वतीः समाः। यत्क्रौञ्चमिथुनादेकमवधीः काममोहितम्॥ અર્થાત્ હે શિકારી ! તું અનંત વર્ષો સુધી શાંતિ કે સ્થિરતા પામી શકીશ નહીં કારણ કે તેં ક્રૌંચ પક્ષીના યુગલમાંથી કામ-મોહિત એવા એકને હણી નાંખ્યું છે.)

રામાયણ એ રામના અયન - ગતિને કે જીવનને નિરૂપતી કૃતિ છે. તેમાં સાત કાંડ છે - બાલકાંડ, અયોધ્યાકાંડ, અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ, સુંદરકાંડ, યુદ્ધકાંડ અને ઉત્તરકાંડ. આ સાત કાંડમાં કુલ મળીને ચોવીસ હજાર શ્લોકો-પદ્યો આવેલાં છે. આનો રચનાકાળ ઈ.સ. પૂર્વે પાંચસો વર્ષથીય પ્રાચીન માનવામાં આવે છે.

### રામાયણનું સંક્ષિપ્ત કથાવસ્તુ

સરયૂ નદીને કાંઠે આવેલી અયોધ્યાનગરીમાં રાજા દશરથ રાજ્ય કરતા હતા. તેમને ત્રણ રાણીઓ હતી - કૌશલ્યા, સુમિત્રા અને કૈકેયી. આ ત્રણ રાણીઓથી રાજા દશરથને કુલ ચાર પુત્રો થયા. જેમાં કૌશલ્યાથી રામ, સુમિત્રાથી લક્ષ્મણ અને શત્રુઘ્ન તથા કૈકેયીથી ભરતનો સમાવેશ થાય છે.

સૌથી મોટા પુત્ર રામ પિતાની આજ્ઞાથી વિશ્વામિત્ર ઋષિના યજ્ઞનું રક્ષણ કરવા લક્ષ્મણ સહિત તેમના આશ્રમે જાય છે. અહીં તે ઋષિઓને ત્રાસ આપતા અનેક રાક્ષસોનો વધ કરે છે. આ જ સમયગાળામાં જનક રાજાની પુત્રીનો સ્વયંવર યોજાય છે. ઋષિ વિશ્વામિત્ર રામને લઈને એ સ્વયંવરમાં જાય છે. અહીં સ્વયંવરમાં શિવધનુષ્યને ઊંચકવાની શરત હોય છે. રામ પોતાના અતુલ્ય બળથી શરત જીતે છે. સીતા તેમનું વરણ કરે છે અને એ રીતે રામ-સીતાનાં લગ્ન થાય છે.

લગ્ન કરીને અયોધ્યા પાછા ફરેલા રામનો રાજ્યાભિષેક કરવાનું રાજા દશરથ વિચારે છે. આ માટેની તૈયારી ચાલતી હોય છે, ત્યાં જ કૈકેયી વરદાન માગે છે કે રામને ચૌદ વર્ષનો વનવાસ અને ભરતને રાજગાદી આપો. રાજા દશરથ દુઃખી મનથી કૈકેયીએ માંગેલા આ વરદાનનો સ્વીકાર કરે છે. એ પછી રામ પોતાની પત્ની સીતા અને નાના ભાઈ લક્ષ્મણની સાથે વનમાં જાય છે. રામના વનગમનરૂપ વિયોગથી રાજા દશરથ પ્રાણ ગુમાવે છે. મામાના ઘરે ગયેલા ભરતને પાછો બોલાવવામાં આવે છે. ભરતને રાજગાદી સોંપવામાં આવે છે, પરંતુ તે ભ્રાતૃપ્રેમનો આદર્શ બની રાજગાદી ઉપર બેસવાની ના પાડે છે. છેવટે મોટા ભાઈ રામની પાદુકાઓને રાજ્યાસન ઉપર મૂકીને તેમના વતી રાજ્યનો કાર્યભાર સંભાળે છે.

રામે વનવાસ દરમિયાન અનેક દુષ્ટ રાક્ષસોનો વધ કર્યો. તપસ્વી જીવન જીવતા રામના આ વનવાસ દરમિયાન એક દુઃખદ બનાવ બને છે. લંકાનો રાજા રાવણ કપટથી સીતાનું હરણ કરી લે છે અને લંકામાં લઈ જાય છે. રામ સુગ્રીવ, હનુમાન વગેરેની સહાયથી સમુદ્ર પર સેતુ બાંધે છે, સમુદ્રને ઓળંગી લંકામાં પ્રવેશે છે. રાવણ ઉપર વિજય મેળવી સીતાને મુક્ત કરાવે છે. આમ રામ-સીતાનું મિલન થાય છે. લંકાનું રાજ્ય રાવણના ભાઈ વિભીષણને સોંપી વનવાસનો સમય પૂરો થતાં રામ અયોધ્યા પરત આવે છે. આજ સુધી સાચવેલી રાજ્યાસનની જવાબદારીને ભરત માનભેર રીતે રામને સમર્પિત કરી દે છે. એ પછી રામ અયોધ્યાના રાજા તરીકે શાસન કરવા લાગે છે.

રાવણની લંકામાં રહેલાં સીતાનો રામે સ્વીકાર કર્યો એ વાત પ્રજામાંના કેટલાકને ગમી નહીં. તેથી રાજધર્મના પાલન માટે રામે પ્રિય પત્ની સીતાનો ત્યાગ કર્યો. આ સમયે સીતા સગર્ભા હતાં. વાલ્મીકિના આશ્રમમાં સીતાને આશ્રય મળે છે. અહીં

તેઓ લવ અને કુશ નામે બે પુત્રોને જન્મ આપે છે. બંને બાળકોની શિક્ષા-દીક્ષા વાલ્મીકિને ત્યાં જ થાય છે. અંતમાં રામે કરેલા અશ્વમેધ યજ્ઞ થકી પિતા-પુત્રોનું મિલન થાય છે અને કથા સમાપ્ત થાય છે.

રામાયણમાં આદર્શ ગૃહજીવનનું દર્શન થાય છે. દશરથના રૂપમાં પ્રેમાળ પિતા, રામના રૂપમાં આજ્ઞાકારી પુત્ર તથા આદર્શ રાજા, લક્ષ્મણ અને ભરતના રૂપમાં સ્નેહાળ ભાઈ, સીતા અને ઊર્મિલા (લક્ષ્મણનાં પત્ની)ના રૂપમાં આદર્શ પતિવ્રતા પત્ની તથા હનુમાનના રૂપમાં આદર્શ સેવક વગેરેનાં શ્રેષ્ઠ પાત્રો મહર્ષિ વાલ્મીકિએ આપ્યાં છે. સમગ્ર સંસ્કૃતસાહિત્ય ઉપર એક યા બીજી રીતે રામાયણનો પ્રભાવ જોઈ શકાય છે. સમગ્ર ભારતવર્ષમાં રામકથા ફેલાયેલી છે. એટલું જ નહીં, જાવા, સુમાત્રા, ઈન્ડોનેશિયા, શ્રીલંકા વગેરે દેશોમાં પણ આ રામકથા પહોંચી છે અને અત્યાર સુધી જળવાઈ રહી છે.

ધાર્મિક લોકો માટે રામાયણ એક ભક્તિગ્રંથ છે. આ ઉપરાંત સમગ્ર રાષ્ટ્રને નૈતિકતાનો બોધ આપતું આ એક રાષ્ટ્રીય વિરાટ કાવ્ય (Epic એપિક) પણ છે. દેશ-વિદેશમાં ઉપલબ્ધ અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો આધાર લઈને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરામાં આવેલા પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી રામાયણની એક સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. સંશોધન, વિવેચન વગેરે માટે આ સમીક્ષિત આવૃત્તિને પ્રમાણભૂત માનવામાં આવે છે.

### 3. મહાભારત પરિચય

**धर्मे चार्थे च कामे च मोक्षे च भरतर्षभ।**

**यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न तत्क्वचित्॥**

અર્થાત્ ધર્મ, અર્થ કામ અને મોક્ષને વિશે જે અહીં (મહાભારતમાં) કહેવાયું છે, તે જ અન્યત્ર હશે અને જે અહીં કહેવાયું નથી, તે અન્યત્ર ક્યાંય પણ નહીં હોય. આ પ્રકારની જેની ગર્વસભર ઘોષણા છે અને પ્રસિદ્ધિ છે, તે છે महाभारतम्. આ મહર્ષિ વ્યાસની રચના મનાય છે. આમાં રહેલા વ્યાપક વિષયવસ્તુને કારણે આને ‘પંચમ વેદ’ તરીકે પણ ઓળખવામાં આવે છે. રામાયણ પછી આ મહાભારત આપણા દેશનું બીજું વિરાટ મહાકાવ્ય (Epic એપિક) છે.

મહાભારતની કુલ ત્રણ આવૃત્તિઓ થઈ હોવાનું મનાય છે. મહાભારતનું મૂળ કદ ઘણું નાનું હતું. એ સ્વરૂપમાં તે जय નામે ઓળખાતું હતું અને તેમાં લગભગ આઠ હજાર શ્લોકો હતા. તે પછી એની બીજી આવૃત્તિ થઈ. તે भारत નામથી પ્રસિદ્ધિ પામી. આમાં શ્લોકોની સંખ્યા વધીને ચોવીસ હજારની થઈ. છેલ્લું અને ત્રીજું સંસ્કરણ તે આજે મળતું મહાભારત છે. એમાં એક લાખ શ્લોકો હોવાનું મનાય છે. વિશ્વસાહિત્યમાં કદની દૃષ્ટિએ સર્વપ્રથમ સ્થાન આ મહાભારત ભોગવે છે.

મહાભારતમાં કુલ અઢાર પર્વ છે. જે ક્રમાનુસાર આ પ્રમાણે છે - આદિપર્વ, સભાપર્વ, વનપર્વ, વિરાટપર્વ, ઉદ્યોગપર્વ, ભીષ્મપર્વ, દ્રોણપર્વ, કર્ણપર્વ, શલ્યપર્વ, સૌપ્તિકપર્વ, સ્ત્રીપર્વ, શાંતિપર્વ, અનુશાસનપર્વ, આશ્વમેધિકપર્વ, આશ્રમપર્વ, મૌસલપર્વ, મહાપ્રાસ્થાનિકપર્વ અને સ્વર્ગારોહણપર્વ. આ અઢારેય પર્વ ઉપપર્વ અને અધ્યાયોમાં વહેચાયેલાં છે. આનો રચના કાળ ઈ. સ. પૂર્વે પાંચમી સદીથી પણ પ્રાચીન માનવામાં આવે છે. કેટલાક વિદ્વાનોનો મત છે કે ઘણા પ્રાચીન સમયથી પ્રારંભાયેલી મહાભારતની રચના છેક ઈ. સ.ની બીજી સદી સુધી ચાલતી રહી છે. આમ મહાભારત નામે પ્રસિદ્ધ આ કૃતિ કોઈ એક સમયની અને એક કર્તાની રચના નથી.

### મહાભારતનું સંક્ષિપ્ત કથાનક

મહારાજા ભરતના વંશમાં શંતનુ નામે રાજા થયો. તેનો એક પુત્ર હતો દેવવ્રત. (પાછળથી જે ભીષ્મ તરીકે પ્રસિદ્ધ થયો.) આ શંતનુનાં બીજાં લગ્ન સત્યવતી સાથે થયાં. આ સત્યવતીથી ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામે બે પુત્રો થયા. વિચિત્રવીર્યનો અંબિકા અને અંબાલિકા સાથે વિવાહ થયો. પરંતુ સંતાન થાય, તે પહેલાં જ તે મૃત્યુ પામ્યો. મોટા ભાઈ દેવવ્રતે આજીવન બ્રહ્મચર્યવ્રત પાળવાની પ્રતિજ્ઞા લીધી હોઈ હવે રાજા શંતનુનો વંશ આગળ વધી શકે એમ ન હતો. આ સ્થિતિમાં તે જમાનામાં પ્રચલિત નિયોગ પ્રથાથી અંબિકાએ ધૃતરાષ્ટ્રને અને અંબાલિકાએ પાંડુને (તથા એની સાથેની એક દાસીએ ત્રીજા પુત્ર વિદુરને) જન્મ આપ્યો. ધૃતરાષ્ટ્ર અંધ હતો. તેને ગાંધારીથી દુર્યોધન વગેરે સો પુત્રો અને દુઃશલા નામે એક પુત્રી થઈ. પાંડુને કુંતીથી

યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન, તથા માદ્રીથી સહદેવ અને નકુલ એમ પાંચ પુત્રો થયા.

ધૃતરાષ્ટ્ર અને પાંડુ બંનેના પૂર્વજ કુરુવંશના હતા, તેથી આ બંને અને તેમના બધા પુત્રો કૌરવ છે, છતાં મહાભારત કથામાં ધૃતરાષ્ટ્રના પુત્રોને કૌરવ અને પાંડુના પુત્રોને પાંડવ તરીકે ખ્યાતિ પ્રાપ્ત થઈ છે.

ધૃતરાષ્ટ્રનો સૌથી મોટો પુત્ર દુર્યોધન પાંડવોનો ખૂબ જ દ્વેષ કરતો. તે પાંડવોને મારી નાંખવાની છૂપી યોજનાઓ કરતો અને એમના હકના રાજ્યાધિકારને આપતો ન હતો. દ્રુપદની પુત્રી દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો સફળ થયા. પાંડવોની આ સફળતાથી દુર્યોધનનો દ્વેષ વધી પડ્યો. દુર્યોધને કપટ-જુગારથી પાંડવોને હરાવ્યા. દ્રૌપદીનું અપમાન કર્યું અને વનવાસમાં જવાની ફરજ પાડી. તે મુજબ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ ગુપ્તવાસમાં રહીને પાંડવો હસ્તિનાપુર પાછા આવ્યા. પાછા આવીને એમણે પોતાના રાજ્યાધિકારની માગણી કરી પણ દુર્યોધને સોયની અણી જેટલી પણ ભૂમિ આપવાની ના પાડી. શ્રીકૃષ્ણે વચ્ચે રહીને સમાધાનનો ઘણો પ્રયત્ન કર્યો. દુર્યોધને શ્રીકૃષ્ણની વાત માની નહીં. પરિણામે કુરુક્ષેત્રના મેદાન ઉપર મોટું યુદ્ધ થયું. આ યુદ્ધમાં બંને પક્ષે મળીને અઢાર અક્ષૌહિણી જેટલી સેના યુદ્ધે ચઢી. મહાસંગ્રામ થયો અને તેમાં મહાસંહાર થયો. છેવટે પાંડવો વિજયી બન્યા. આ વિજય સત્યનો અને ધર્મનો વિજય હતો. વિજય મેળવી પોતાનું કર્તવ્ય કર્મ પૂરું થયું છે એમ સમજીને છેવટે પાંડવોએ હિમાલય તરફ પ્રયાણ કર્યું અને અહીંથી તેઓ સ્વર્ગે સીધાવ્યા.

કૌરવ-પાંડવોના યુદ્ધની મુખ્ય કથાવસ્તુની સાથે અહીં માનવજીવનને ઉપયોગી એવું તમામ પ્રકારનું જ્ઞાન ખૂબ જ સરસ રીતે વણી લેવામાં આવ્યું છે. આને કારણે આ મહાભારત જ્ઞાનના વૈવિધ્યમાં, પાત્રોના અને આખ્યાનોના વૈવિધ્યમાં, કાવ્યત્વ અને રસના વૈવિધ્યમાં એટલું બધું વિશેષ બની ગયું છે કે વિશ્વનો એ અદ્વિતીય ગ્રંથ બની રહ્યો છે. (ભીષ્મપર્વના 25થી 42 સુધીના 18 અધ્યાયોનો) શ્રીમદ્ ભગવદ્ગીતા તરીકે પ્રસિદ્ધિ પામેલો ગ્રંથ આ મહાભારતનો જ ભાગ છે.

આ ગ્રંથની વર્ણનશૈલી સુંદર, સરળ અને અદ્ભુત છે. આમાં આવતાં નૈતિક કથાનકો અને આખ્યાનો લોકપ્રિય નીવડ્યાં છે. તેમનો ઉલ્લેખ રોજબરોજના વ્યવહારમાં આજે પણ થતો હોય છે. મહાભારતમાંથી ભારતીય સમાજ નિરંતર પ્રેરણા મેળવતો રહ્યો છે અને આજે પણ મેળવી રહ્યો છે.

પૂના (મહારાષ્ટ્ર)માં આવેલા ભાંડારકર ઓરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં મહાભારતની સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવામાં આવી છે. દેશ-વિદેશમાં ઉપલબ્ધ અનેક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનો આધાર લઈને તૈયાર કરવામાં આવેલી આ આવૃત્તિનો ઉપયોગ ઉચ્ચ અધ્યયન અને સંશોધન - વિવેચન વગેરે માટે કરવામાં આવે છે.

## 4. મહાકવિ કાલિદાસ (મહાકાવ્યકાર તરીકે)

ધોરણ 11માં તમને મહાકવિ કાલિદાસ અને તેમની કૃતિઓ વિશેનો પ્રાથમિક પરિચય કરાવવામાં આવ્યો છે. તે વખતે તમે એમની નાટ્યકૃતિઓની કથાવસ્તુથી પરિચિત થયા હતા. હવે અહીં એમનાં મહાકાવ્યોના કથાવસ્તુનો પરિચય કરીશું.

કાલિદાસ વિરચિત મહાકાવ્યો બે છે - 1. कुमारसम्भवम् અને 2. रघुवंशम्. આ બંનેની કથાવસ્તુ સંક્ષેપમાં આ પ્રમાણે છે :

### कुमारसम्भवम्

સંસ્કૃત મહાકાવ્યમાં સ્થાન પામેલ કુમારસંભવ એ મહાકવિ કાલિદાસનું સત્તર સર્ગોનું સુંદર મહાકાવ્ય છે. આમાં કુમાર કાર્તિકેયના સંભવ-જન્મની કથા છે. કુમાર એ શિવ અને પાર્વતીનો પરાક્રમી પુત્ર કાર્તિકેય છે. તારકાસુર નામે એક અસુર હતો. એ દેવોને પીડતો હતો. આ સંકટમાંથી મુક્ત થવા બ્રહ્માની સલાહ મુજબ હિમાલયની પુત્રી ઉમાની સાથે શિવનાં લગ્ન થાય અને તે દંપતીથી કુમાર જન્મે, તો એ કુમાર તારકાસુરનો વધ કરી શકે એમ હતું. એથી દેવો શિવ-પાર્વતીનાં લગ્ન થાય, તેવો ઉપક્રમ રચે છે.

કુમારસંભવના એકથી આઠ સુધીના સર્ગોમાં શિવ-પાર્વતીના વિવાહની વાત વર્ણિત છે. આ વિભાગમાં પ્રથમ સર્ગમાં

હિમાલયનું વર્ણન, બીજા સર્ગમાં તારકાસુરના વિનાશ માટે બ્રહ્માએ સૂચવેલ ઉપાયનું વર્ણન, ત્રીજા સર્ગમાં વસંતવર્ણનની સાથે મદનદહનનો પ્રસંગ નિરૂપાયો છે. ચોથા સર્ગમાં રતિવિલાપનું હૃદયદ્રાવક વર્ણન છે. પાંચમા સર્ગમાં પાર્વતીના તપનું, બ્રહ્મચારીરૂપે શિવે કરેલી પાર્વતીની પરીક્ષાનું તથા શિવે પાર્વતીના કરેલા સ્વીકારનું કથાનક છે. ત્યાર પછીના નવથી સત્તર સુધીના સર્ગોમાં કુમાર કાર્તિકેયના જન્મની અને તારકાસુરના વધની વાત આલેખાઈ છે.

### रघुवंशम्

આ ઓગણીસ સર્ગનું મહાકાવ્ય છે. આમાં रघूणाम् अन्वयं वक्षे...। એમ કહીને રઘુવંશમાં જન્મેલા રાજાઓનું ચરિત વર્ણવવાનો પ્રારંભ થયો છે. અહીં પ્રારંભમાં રઘુવંશના રાજાઓની વિશેષતાઓનું સરસ વર્ણન છે.

રઘુવંશના વર્ણનનો પ્રારંભ જો કે મનુના નામસ્મરણથી થાય છે, પરંતુ અહીં સર્વપ્રથમ રાજા દિલીપનું ચરિત વિગતે આવે છે. રઘુ તેનો પરાક્રમી પુત્ર છે. તેથી તેના નામ ઉપરથી કાવ્યને શીર્ષક આપવામાં આવ્યું છે.

અયોધ્યાના રાજા દિલીપ અને રાણી સુદક્ષિણાને પુત્ર નથી. નન્દિની ગાયની કૃપાથી તેમને ત્યાં રઘુનો જન્મ થાય છે. તેણે પોતે કરેલા વિશ્વજિતયજ્ઞમાં બધી સંપત્તિ દાન કરેલી, એ ઘટના અહીં સરસ રીતે આલેખાઈ છે. તે પછી અજનું ચરિત આવે છે. આમાં ઈન્દુમતી-સ્વયંવર અને અજ-વિલાપ નામના બે પ્રસંગો આ મહાકાવ્યની શોભા વધારે છે. ત્યારબાદ રાજા દશરથના વ્યક્તિત્વનું વર્ણન આવે છે. દશરથ પછી રામનું ચરિત આવે છે. અહીં કવિએ પોતાના મૌલિક વિચારો દ્વારા રામચરિતનું સુંદર વર્ણન કર્યું છે. સીતાત્યાગના પ્રસંગે સીતાએ લક્ષ્મણ દ્વારા રામને પાઠવેલ સંદેશનું અત્યંત હૃદયસ્પર્શી વર્ણન છે.

રામકથા પછી કુશનું ચરિત પણ વિગતે નિરૂપાયું છે. અંતિમ સર્ગમાં રઘુવંશના અંતિમ વિલાસી રાજા અગ્નિવર્ણનું વર્ણન કર્યું છે.

આ મહાકાવ્યનું વિષયવસ્તુ, ભાષાશૈલી અને લાલિત્ય એટલાં તો રોચક છે કે પ્રત્યેક વાચકનું મન તેમાં મગ્ન થઈ જાય છે. આ માટે જ કહેવાયું છે કે - कः इह रघुकारे न रमते। (અહીં રઘુકારમાં અર્થાત્ કાલિદાસની રઘુવંશ કૃતિમાં કોણ એવું છે કે જેનું મન રમતું ન હોય ?) આ કાવ્ય મહાકવિ કાલિદાસનું જ નહીં, સમગ્ર સંસ્કૃતસાહિત્યનું શ્રેષ્ઠ મહાકાવ્ય છે.

(આ ઉપરાંત તેમણે ऋतुसंहारम् અને मेघदूतम् નામનાં બે ખંડકાવ્યો પણ રચ્યાં છે. ऋतुसंहारम्માં છ ઋતુઓનું વર્ણન છે. मेघदूतम् વિરહની વેદનાને વર્ણવતું કાવ્ય છે. તેમાં એક યક્ષના પત્નીથી થયેલા વિરહની કથા છે. આ યક્ષ મેઘને દૂત બનાવીને પત્નીને પોતાની કુશળતાનો સંદેશ મોકલાવે છે. બંને કાવ્યોમાં સુંદર પ્રકૃતિવર્ણન છે.)

### 5. મહાકવિ માઘ

મહાકવિ માઘની એકમાત્ર કૃતિ પ્રાપ્ત થાય છે અને તે છે शिशुपालवधमहाकाव्यम्. આ સુંદર અને સરસ મહાકાવ્યના રચયિતા મહાકવિ માઘના જીવન વિશે આપણી પાસે વધારે વિગતો નથી. છતાં એમનો સ્થિતિકાળ ઈ. સ.ની સાતમીથી દસમી સદીની વચ્ચેનો મનાય છે અને (અત્યારના ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલ) ભિન્નમાલ કે શ્રીમાલ એમનું વતન મનાય છે. તેઓ શ્રીમાળી બ્રાહ્મણ હતા.

સંસ્કૃતનાં પંચમહાકાવ્યોમાં આની ગણતરી થાય છે. આમાં વીસ સર્ગ છે. કથાવસ્તુનો સ્રોત મહાભારતનું સભાપર્વ છે. ચેદીનરેશ શિશુપાલના વધની ઘટના કથાવસ્તુના કેન્દ્રમાં છે. મુખ્ય રસ વીર છે. આ કૃતિને માટે કહેવાયું છે કે नव-सर्ग-गते माघे नवशब्दो न विद्यते। અર્થાત્ માઘે રચેલા શિશુપાલના નવ સર્ગો (જ્યારે વાંચીને) પૂરા થાય છે, ત્યારે (વાંચનારી વ્યક્તિને માટે) કોઈ નવો શબ્દ (જાણવાનો) રહેતો નથી. એવી જ રીતે આ મહાકાવ્યને માટે કહેવાયું છે કે આને વાંચતાં વાંચતાં આખી જિંદગી પસાર થઈ જાય એમ છે. (मेघे माघे गतं वयः। અર્થાત્ મેઘ એટલે કે મહાકવિ કાલિદાસકૃત મેઘદૂત કાવ્ય અને માઘ એટલે માઘરચિત કાવ્ય શિશુપાલવધ - આ બંનેનો અભ્યાસ કરતાં કરતાં આખું જીવન પસાર થઈ જાય છે.)

### શિશુપાલવધનું કથાનક

વાસુદેવ દ્વારકામાં રહે છે. એક દિવસ ત્યાં નારદ પધારે છે. નારદ ઈન્દ્રનો સંદેશો લઈને આવ્યા છે. તેઓ શ્રીકૃષ્ણને સંદેશો સંભળાવતાં કહે છે કે શિશુપાલની કનડગત ખૂબ વધી ગઈ છે. તેથી એનો વધ કરવો પડે એમ છે. શ્રીકૃષ્ણ આ સંદેશો સાંભળી લે છે. આ બાજુ યુધિષ્ઠિર રાજસૂય યજ્ઞ કરવાના હોઈ શ્રીકૃષ્ણે ત્યાં જવાનું છે. આ બંને કાર્યમાં કોને અગ્રિમતા આપવી એ અંગે શ્રીકૃષ્ણ બલરામ અને ઉદ્ધવ સાથે મંત્રણા કરે છે. ઉદ્ધવની સલાહ પ્રમાણે કૃષ્ણ યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં જવાનું નક્કી કરે છે. દ્વારકાથી નીકળીને હસ્તિનાપુર જતાં વચ્ચે રૈવતક (ગિરનાર) પર્વત આવે છે. અહીં આ પર્વતનું સુંદર વર્ણન કવિએ કર્યું છે.

યુધિષ્ઠિરે જ્યારે સાંભળ્યું કે શ્રીકૃષ્ણ યમુના પાર કરી ગયા છે, ત્યારે તે એમના સ્વાગત માટે પહોંચી જાય છે. યુધિષ્ઠિરની સાથે શ્રીકૃષ્ણ હસ્તિનાપુર (ઈન્દ્રપ્રસ્થ)માં પ્રવેશ કરે છે. આ પ્રસંગે શ્રીકૃષ્ણને જોવા માટે નગરની સ્ત્રીઓ માર્ગની બંને બાજુ ઊભેલી હોય છે. કવિ માઘે આ સ્ત્રીઓ અને તેમના મુખ ઉપર પ્રગટતા ભાવોનું સુરેખ વર્ણન કર્યું છે અને પોતે મહાકવિ છે, એ વાતને પુરવાર કરી બતાવી છે.

યજ્ઞનો પ્રારંભ થાય તે પહેલાં શ્રીકૃષ્ણની અગ્રપૂજા થાય છે. તે સમયે શિશુપાલ અપશબ્દો બોલીને પોતાનો વિરોધ નોંધાવે છે. ભીષ્મ શિશુપાલને લલકારે છે. જેના પ્રતિભાવમાં શિશુપાલ સભામંડપનો ત્યાગ કરીને યુદ્ધ માટે પોતાની સેનાને તૈયાર કરે છે. શિશુપાલનો દૂત સંદેહભર્યા શબ્દોવાળો સંદેશો લાવે છે. તે યુદ્ધ અથવા આત્મસમર્પણની માંગણી કરે છે. અંતે યુદ્ધ અનિવાર્ય બની જાય છે. છેલ્લે શ્રીકૃષ્ણ સુદર્શનચક્ર છોડે છે અને પરિણામે શિશુપાલનું મસ્તક ધડથી છૂટું થઈને પડે છે. એના શરીરમાંથી નીકળેલું તેજ શ્રીકૃષ્ણના શરીરમાં સમાઈ જાય છે. શિશુપાલના વધથી હર્ષ પામેલા દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. અહીં મહાકાવ્ય પૂરું થાય છે.

મહાકાવ્યમાં ઋતુઓ, જલક્રીડા, સંધ્યા, ચંદ્રોદય, પ્રભાત વગેરેનાં વર્ણનો અનિવાર્ય રીતે કરવાનાં હોય છે. એટલે અહીં પણ આ બધાં વર્ણનો આવે છે. મહાકવિ માઘે પોતાની વિલક્ષણ પ્રતિભાથી આ વર્ણનોને એવાં સરસ બનાવ્યાં છે કે તે વર્ણનાત્મક શૈલીના આદર્શ બની રહ્યાં છે. માઘ કાવ્યકવિ સાથે સાથે શાસ્ત્રકવિ પણ છે. એ કારણે આ મહાકાવ્યમાં ડગલે ને પગલે એમનું શાસ્ત્રજ્ઞાન પ્રગટ થતું રહે છે. એમના માટે સૈન્યનું યુદ્ધ અને મહાકાવ્યની રચના બંને કાર્યો સરખાં જ છે. બંને ક્ષેત્રમાં તેમની પ્રતિભા એકસરખી રીતે ગતિ કરી શકી છે. આ કારણે શિશુપાલવધ મહાકાવ્યને સંસ્કૃતનાં પંચમહાકાવ્યોમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું છે.

### 6. ગદ્યકાર મહાકવિ બાણ

સંસ્કૃતની ગદ્યકાવ્યની પરંપરામાં સૌથી ઊંચું સ્થાન મહાકવિ બાણનું છે. એમણે એમની હર્ષચરિત નામની કૃતિમાં પોતાનો વિગતે પરિચય આપ્યો છે. એ મુજબ તેઓ વત્સવંશના હતા. મહર્ષિ દધીચ તથા સરસ્વતી તેમનાં આદ્યપૂર્વજ હતાં. માતાના મૃત્યુ પછી જીવનના ચૌદમા વર્ષે તેમણે પિતાને ગુમાવ્યા. એ પછી તેઓ દેશાટનમાં નીકળી પડે છે. વિવિધ વ્યક્તિઓના સંપર્કમાં આવે છે. અનેક ગુરુકુળોમાં વિદ્યાભ્યાસ કરે છે અને પોતાના વંશને છાજે તેવી વિદ્વત્તા પ્રાપ્ત કરીને ઘરે પરત ફરે છે. આ પ્રકારનું વ્યક્તિત્વ ધરાવતા બાણ હર્ષવર્ધનના સમયમાં થઈ ગયા. સમ્રાટ હર્ષવર્ધનનો સમય ઈ. સ. 606થી 647 સુધીનો છે. એથી બાણ પણ આ જ સમયાવધિમાં થયા હોવાનું નક્કી થાય છે.

મહાકવિ બાણે બે કૃતિઓ રચી છે. બંને ગદ્યકૃતિઓ છે. તેમનાં નામ हर्षचरितम् અને कादम्बरी છે. પ્રથમ કૃતિનો કાવ્ય પ્રકાર આખ્યાયિકા છે જ્યારે બીજી કૃતિ કથા પ્રકારની છે.

**1. हर्षचरितम्** - આ એક ઐતિહાસિક કથાનક ધરાવતી કૃતિ છે. તે ગદ્યશૈલીમાં છે. એના આંતરિક વિભાગો આઠ છે અને તે ઉચ્છ્વાસ નામથી ઓળખાય છે. સંસ્કૃત સાહિત્યના ઈતિહાસમાં આખ્યાયિકા પ્રકારની આ સર્વપ્રથમ રચના છે.

આનું કેન્દ્રવર્તી કથાનક સમ્રાટ હર્ષનું જીવનચરિત છે. એ નામ ઉપરથી જ જણાઈ આવે છે. પ્રથમ ઉચ્છ્વાસમાં બાણે

વ્યાસ, ભાસ, કાલિદાસ વગેરેની કૃતિઓની પ્રશંસા કરી છે. (પ્રારંભિક ત્રણ ઉચ્છ્વાસમાં) બાણે પોતાનું જીવન વર્ણવ્યું છે. જ્યારે તે પછી આગળના (ચારથી આઠ સુધીના) પાંચ ઉચ્છ્વાસમાં સમ્રાટ હર્ષવર્ધનનું ચરિત આલેખ્યું છે.

પ્રારંભિક ભાગમાં બાણ દેશાટનનું વર્ણન કરે છે. એ પછી બાણ પોતાના પિતરાઈ ભાઈઓના આગ્રહથી હર્ષનું ચરિત કહે છે. આ ચરિતનો પ્રારંભ પૌરાણિક શૈલીથી થયો છે. સમગ્ર કૃતિમાં કર્ણપ્રિય અને કથાનકને અનુકૂળ શબ્દપ્રયોગો થયા છે. અહીં મુખ્ય રસ વીર હોવા છતાં પ્રસંગવશ કરુણ વગેરે વિવિધ રસો પણ સારા એવા પ્રમાણમાં અનુભવાય છે.

**2. कादम्बरी** - મહાકવિ બાણની બીજી કૃતિ कादम्बरी છે. એ પણ ગદ્યશૈલીમાં છે પરંતુ એનો કાવ્યપ્રકાર કથાનો છે. આનું કથાનક બે ભાગમાં છે - પૂર્વભાગ અને ઉત્તરભાગ. આનું સમગ્ર કથાવસ્તુ ચંદ્રાપીડ અને પુંડરીકના ત્રણ-ત્રણ જન્મો સાથે સંબંધ ધરાવે છે.

કથાના (પૂર્વભાગના) પ્રારંભમાં વિદિશાના રાજા શૂદ્રકના પ્રભાવ અને વૈભવનું વર્ણન છે. એક દિવસ રાજા શૂદ્રકના રાજદરબારમાં એક સુંદર કન્યા વૈશંપાયન નામના શુક (પોપટ)ને લઈને આવે છે. આ શુક મનુષ્યની બોલીમાં વાત કરી શકે છે. આમ એ શ્રોતાઓને માટે શ્રેષ્ઠ મનોરંજન પૂરું પાડતો હોય છે. અહીં રાજદરબારમાં આવીને તે કાદંબરીની કથા સંભળાવે છે.

કથાના પ્રારંભમાં એ શુક સર્વપ્રથમ પોતાની વીતક કથા કહે છે. એ પછી જાબાલિમુનિવર્ણિત રાજા ચંદ્રાપીડ તથા તેના મિત્ર વૈશંપાયનની કથા આવે છે. એકવાર રાજા ચંદ્રાપીડ દિગ્વિજય કરવા નીકળે છે અને છેક હિમાલયમાં પહોંચે છે. અહીં એક કિન્નર યુગલને જુએ છે અને તેની પાછળ દોડતાં દોડતાં અચ્છોદ નામના દિવ્ય સરોવરે જઈ પહોંચે છે. (મહાકવિ બાણે આ અચ્છોદ સરોવરનું સુંદર વર્ણન કર્યું છે.) સરોવર પાસે પહોંચેલા ચંદ્રાપીડને મધુર સંગીત સંભળાય છે. પાસેના જ એક શિવાલયમાં વીણાવાદિની મહાશ્વેતા તે સંગીતના સૂર રેલાવી રહી હોય છે. તે સૂરોની દિશામાં ચાલતો ચંદ્રાપીડ શિવાલય સુધી આવી પહોંચે છે. અહીં ચંદ્રાપીડ અને મહાશ્વેતાની મુલાકાત થાય છે. મહાશ્વેતા ચંદ્રાપીડ સમક્ષ પોતાની અને પુંડરીકની પ્રણયકથાનું વૃત્તાંત કહે છે. ત્યારબાદ તેની સખી કાદંબરી સાથે ચંદ્રાપીડનો પરિચય થાય છે અને તેને કાદંબરી સાથે પ્રણય થાય છે. એ પછી ચંદ્રાપીડને ઉજ્જયિની પરત આવવાનું થાય છે. ઉજ્જયિની પહોંચેલા રાજાની તામ્બૂલકરંકવાહિની પત્રલેખા કાદંબરીના પ્રેમનો સંદેશો લઈને ઉપસ્થિત થાય છે. આની સાથે કાદંબરી કથાનો પૂર્વભાગ પૂર્ણ થાય છે.

ઉત્તરભાગમાં ચંદ્રાપીડ મહાશ્વેતા પાસે પાછો ફરે છે. અહીં તે પોતાના મિત્ર વૈશંપાયનના સમાચાર જાણે છે. વૈશંપાયન મહાશ્વેતાને પ્રેમ કરવા જતાં 'તું પોપટ બની જા' એવો શાપ પ્રાપ્ત કરે છે. શાપને લીધે પોપટ બનેલા મિત્રની આ વિપત્તિથી ચંદ્રાપીડ શોકાતુર બને છે અને છેવટે પ્રાણત્યાગ કરે છે. આ બાજુ કપિંજલ પોતાના શુક બનેલા મિત્રને શોધતો જાબાલિમુનિના આશ્રમમાં આવે છે. અહીં તેને જાણ થાય છે કે પેલા શુકને તો એક કન્યા પકડી ગઈ છે અને તે અત્યારે રાજા શૂદ્રકના રાજદરબારમાં લઈ ગઈ છે. કપિંજલ રાજદરબારમાં આવે છે. અહીં આખી કથાનો ઘટસ્ફોટ થાય છે. એ મુજબ પેલી કન્યા પુંડરીકની માતા લક્ષ્મી છે. પુંડરીક પૂર્વજન્મનો વૈશંપાયન છે. રાજા શૂદ્રક પૂર્વજન્મનો રાજા ચંદ્રાપીડ છે.

આ અકલ્પ્ય કથાનું રહસ્યોદ્‌ઘાટન થતાંની સાથે શુક અને શૂદ્રક પ્રાણત્યાગ કરે છે. પેલી બાજુ ચંદ્રાપીડનું મૃત શરીર પુનર્જિવિત થાય છે. પુંડરીક આકાશમાંથી ઊતરે છે. મહાશ્વેતા-પુંડરીક અને કાદંબરી-ચંદ્રાપીડનું સુખદ મિલન થાય છે.

રહસ્યમય ઘટનાઓ ધરાવતી આ કથા બાણની જ નહીં સંસ્કૃતસાહિત્યની સર્વોત્તમ ગદ્યકૃતિ છે. બાણે પોતાની અપ્રતિમ પ્રતિભાથી આની રચના કરી છે. દરેક વર્ણન સુરેખ છે. પાત્રચિત્રણ અનુપમ અને જીવંત છે. પ્રણય નિરૂપણ અત્યંત ઉદાત્ત અને વાસનાવિહીન છે. આમાં પ્રસંગોપાત્ત રીતે બાણના બહુમુખી અનુભવોનું રસમય ચિત્રણ થયું છે.

બાણની આ કૃતિની પાંચાલી શૈલી છે, સમાસપ્રચુર વાક્યાવલિ છે, ડગલે ને પગલે શ્લેષ છે. વર્ણનોમાં અલંકારોની

ભરમાર છે. કથાનકનો રસપ્રવાહ ક્યાંય અટક્યા વગર અવિરત વહેતો રહે છે. આ બધાં કારણોથી બાણને કાલિદાસ અને ભવભૂતિની પંક્તિમાં બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એમ કહેવાય છે કે વાણી (અર્થાત્ સરસ્વતી દેવી) જ બાણ બનીને અવતરી હતી. (वाणी बाणो बभूव ह।)

### 7. નાટ્યકાર શૂદ્રક

પોતાની એક માત્ર નાટ્યકૃતિ मृच्छकटिकम्‌થી સંસ્કૃત નાટ્યસાહિત્યમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરનારા શૂદ્રકના જીવન વિશે અનેક દંતકથાઓ પ્રચલિત છે. પણ એક બાબત નિશ્ચિત છે કે શૂદ્રક રાજા હતો અને તે દક્ષિણ ભારતમાં ક્યાંક થઈ ગયો. એનો સ્થિતિકાળ ઈ. સ.ની બીજીથી આઠમી સદી વચ્ચેનો હોવો જોઈએ, એવી માન્યતા છે.

### मृच्छकटिकम्

આ એક પ્રકરણ પ્રકારનું રૂપક છે. તેમાં દસ અંક છે. આનું કથાવસ્તુ અનુપમ છે. ઉજ્જયિનીમાં વસંતસેના નામની એક ગણિકા રહે છે. આ જ નગરમાં એક ચારુદત્ત નામનો ગુણસંપન્ન સંસ્કારી યુવક પણ રહે છે. એ આમ તો ધનિક પરિવારનો સભ્ય છે, પણ તે ઉદાર હૃદયનો હોવાથી સતત દાન આપતો આપતો અત્યારે તદ્દન નિર્ધન બની ગયો છે. વસંતસેના આ નિર્ધન એવા ગુણિયલ યુવકને બેહદ પ્રેમ કરે છે. આ બંનેના પ્રેમની કથા આ રૂપકનું મુખ્ય કથાવસ્તુ છે. મુખ્યકથાની સાથે રાજકીય ખટપટ અને લોકક્રાંતિની ગૌણકથા પણ જોડી દેવામાં આવી છે, જે રસવૃદ્ધિ કરે છે.

એક વખતનો શ્રીમંત અને અત્યારનો દરિદ્ર એવો ચારુદત્ત આજે દુઃખી છે. તેને ધનના અભાવનું દુઃખ નથી, પરંતુ નિર્ધનતાને કારણે મિત્રો અને સ્નેહીજનોએ એનો સાથ છોડી દીધો છે, એ વાતનું દુઃખ છે પણ આવા ચારુદત્તને ગણિકા વસંતસેના ચાહે છે. પેલી બાજુ રાજાનો સાળો શકાર વસંતસેનાને પોતાની કરવા પ્રયત્ન કરી રહ્યો છે. એકવાર તે શકાર પોતાના સાગરિત એવા વિટ અને ચેટની સાથે વસંતસેનાની પાછળ પડે છે. વસંતસેના આકસ્મિક રીતે એમની પાસેથી છટકીને ચારુદત્તના ઘરમાં ભરાઈ જાય છે. અહીં તેને ચારુદત્તની ગરીબીનાં દર્શન થાય છે. ઘરેણાંને લૂંટવા માટે મારી પાછળ લોકો પડ્યા છે, તેથી આ ઘરેણાં તમે થાપણ તરીકે રાખો, એવું બહાનું બનાવીને તે ચારુદત્તને પોતાનાં ઘરેણાં આપી જાય છે. ચારુદત્ત તેને થાપણ તરીકે સાચવે છે.

ચારુદત્તને ત્યાં સંવાહક નામનો એક સેવક હતો. (પગચંપી-માલીશ કરનાર હોવાથી તેનું નામ સંવાહક હતું.) ચારુદત્તની નિર્ધનતાને લીધે તેની નોકરી છૂટી જતાં તે જુગારી બની ગયેલો. જુગારમાં હારેલા આ સંવાહકને (ચારુદત્તનો સેવક હતો, એમ જાણીને) વસંતસેના લેણદારોથી મુક્તિ અપાવે છે. એ પછી આ સંવાહક બૌદ્ધ સાધુ બની જાય છે.

વસંતસેનાની મદનિકા નામની એક દાસી છે. શર્વિલક નામનો એક યુવક તેને ચાહે છે. એ મદનિકાને વસંતસેનાને ત્યાંથી છોડાવવા ઇચ્છે છે. આ માટે તેને ધનની જરૂર છે. એથી તે ધન મેળવવા માટે ચારુદત્તના ઘરે રાત્રે ખાતર પાડે છે. અહીંથી તેને ઘરેણાં હાથ લાગે છે, જે પેલાં વસંતસેનાનાં હોય છે. આ ઘરેણાં લઈને તે વસંતસેનાને ત્યાં જાય છે. વસંતસેના એ ઘરેણાં જોઈને આશ્ચર્ય પામે છે. છતાં મૌન રહીને લઈ લે છે અને મદનિકાને મુક્ત કરી દે છે.

આ બાજુ સવારે ચારુદત્ત ઘરે થયેલી ચોરીના સમાચાર સાંભળે છે. એથી ચારુદત્તને ચિંતા થાય છે. તે પોતાના મિત્ર વિદૂષકને વસંતસેનાને ત્યાં એવો સંદેશો લઈને મોકલે છે કે તમે થાપણ તરીકે મૂકેલાં ઘરેણાં ચારુદત્ત જુગારમાં હારી ગયા છે અને તેથી એ ઘરેણાંના બદલામાં આ મોતીની માળા મોકલી છે, તેનો તમે સ્વીકાર કરો. (આ મોતીની માળા ચારુદત્તની પત્નીની હોય છે. ચારુદત્તને તે સ્વેચ્છાએ આપે છે અને ચિંતા ન કરવા કહે છે.) વિદૂષક (મૈત્રેય) વસંતસેના પાસે જઈ ચારુદત્તનો સંદેશો સંભળાવે છે અને મોતીની માળા આપી દે છે. આ પ્રસંગથી ચારુદત્ત પ્રત્યે વસંતસેનાની લાગણી વધુ પ્રબળ બને છે.

વસંતસેનાનું મન પોતાના પ્રિયતમને મળવા અધીરું બને છે. તે ચારુદત્તના ઘરે આવે છે, ત્યારે ચારુદત્ત એનું ઉચિત સ્વાગત કરે છે અને એના પ્રેમનો સ્વીકાર કરે છે.

આ સમયે એક ઘટના ઘટે છે. વસંતસેના ચારુદત્તના ઘરના આંગણે ઊભી છે. ચારુદત્તનો પુત્ર રોહસેન માટીની ગાલ્લીથી રમી રહ્યો હોય છે. તે પડોશીના છોકરાને સોનાની ગાલ્લીથી રમતો જોઈને માટીની ગાલ્લીથી રમવાની ના પાડે છે અને રડે છે. વસંતસેના એને રડતો જોઈ તરત જ પોતાનાં ઘરેણાં ઉતારીને એ ગાલ્લીમાં ભરી દે છે. આ પ્રસંગ ઉપરથી આ નાટકનું નામ मृच्छकटिकम् રાખવામાં આવ્યું છે. (मृद् એટલે માટી અને शकटिका એટલે ગાલ્લી. માટીની ગાલ્લીને અધિકૃત કરીને રચેલું પ્રકરણ તે મૃચ્છકટિક.)

એક દિવસે ચારુદત્તને મળવા ઉપડેલી વસંતસેના ભૂલથી શકારના વાહનમાં બેસી જાય છે. બીજી બાજુ કારાગારમાંથી છટકેલો ક્રાંતિકારી આર્યક ચારુદત્તના વાહનમાં છુપાઈને બેસી જાય છે. ચારુદત્તને ખબર પડતાં તે આર્યકને અભયવચન આપે છે. વાહનની બદલી થયેલી હોવાથી વસંતસેના શકાર પાસે પહોંચે છે. શકારના લાખ પ્રયત્ન છતાં જ્યારે વસંતસેના તેને વશ થતી નથી, ત્યારે શકાર તેનું ગળું દબાવી દે છે અને એ મરી ગઈ છે, એમ માનીને પાંદડાંના ઢગલા નીચે છૂપાવી દે છે. એ પછી ખૂબ જ ચાલાકીથી વસંતસેનાના ખૂનનો અપરાધ ચારુદત્તને માથે મઢી દે છે. ચારુદત્તે ઘરેણાં માટે વસંતસેનાનું ખૂન કર્યું છે, એવો આરોપ મૂકે છે અને તેને પોતાની લાગવગથી પૂરવાર પણ કરે છે. પરિણામે ચારુદત્તને ફાંસીની સજા થાય છે અને એને માંચડે ચઢાવવા લઈ જવામાં આવે છે.

બીજી બાજુ રાજા પાલક (કે જેનો સાળો શકાર છે તે)નો નાશ કરીને (ચારુદત્તના વાહનમાં છુપાયેલો અને ચારુદત્તે જેને અભયદાન આપ્યું હતું, તે) આર્યક રાજા બને છે.

ત્રીજી બાજુ બૌદ્ધ સાધુ બની ગયેલો પેલો સંવાહક ફરતો ફરતો એ જગાએ આવી ચઢે છે, જ્યાં વસંતસેનાને શકારે છુપાવી હતી. સૂકાં પાંદડાંમાં સળવળાટ જોઈને એ ત્યાં જાય છે અને વસંતસેનાને જોતાં જ ઓળખી જાય છે. પ્રાથમિક ઉપચાર કરીને તે વસંતસેનાને બચાવી લે છે. સ્વસ્થ થયેલી વસંતસેના અણીના સમયે સંવાહક સાથે હાજર થાય છે. ચારુદત્ત નિર્દોષ ઠરે છે. દોષી શકાર પકડાય છે. આર્ય ચારુદત્તને આર્યક પોતાનો મંત્રી બનાવે છે. ચારુદત્ત શકારને માફ કરે છે. છેવટે વસંતસેના ચારુદત્તની ગૃહિણીનું પદ પ્રાપ્ત કરે છે. આ રીતે નાટકની કથાનો સુખદ અંત થાય છે.

સમાજજીવનની નરી વાસ્તવિકતાને રજૂ કરતું આ પ્રકરણ રૂપક સંસ્કૃતસાહિત્યમાં અનોખી ભાત પાડે છે. આની અનેક ખાસિયતો છે. જેમ કે - 1. નાટ્યશાસ્ત્રના અનેક નિયમોનો અહીં ભંગ થયો છે. 2. કથા કાલ્પનિક છે, છતાં તેને સમાજમાં પૂરતું સંરક્ષણ પ્રાપ્ત થયું છે. 3. મુખ્ય રસ શૃંગાર છે. આ સાથે હાસ્યરસનો પણ સુંદર વિનિયોગ થયો છે. 4. મુખ્ય પ્રસંગો કરતા ગૌણ પ્રસંગો વધુ રસપ્રદ છે. 5. પાત્રો સમાજના ઉચ્ચવર્ગને બદલે સામાન્ય વર્ગના છે. આ અને આવી તો અનેક વિશેષતાઓને કારણે શૂદ્રક અને તેમની આ કૃતિ સદાયને માટે અમર બની રહી છે.

## 8. સંસ્કૃત નીતિકથાઓ

નીતિનો બોધ પ્રસરાવતી કથાઓને નીતિકથા તરીકે ઓળખવામાં આવે છે. નીતિ એટલે કે માણસને આગળ વધવા માટેનું માર્ગદર્શન આપે એવા સિદ્ધાંતો. માનવસમાજમાં નીતિને મહત્ત્વપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું છે. કેમ કે, નીતિ વિનાનું જીવન માનવજીવન નહીં, પરંતુ પશુજીવન જ બની રહે છે. બીજી રીતે કહીએ તો માનવ પણ એક રીતે તો પશુ જ છે પણ અહીં નીતિનો અમલ થતો હોવાથી, પશુના સમૂહ કરતાં આ માનવસમાજ જુદો પડે છે. આ કારણથી ઘણા પ્રાચીનકાળથી માનવસમાજમાં નીતિનો બોધ પ્રસરે તે માટેનો પ્રયત્ન થતો આવ્યો છે. આવા પ્રયત્નોના ફળસ્વરૂપ સંસ્કૃતમાં નીતિકથાઓનું વિશાળ સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું છે. સંસ્કૃતમાં રચાયેલી આવી નીતિકથાનાં મૂળ વેદ અને ઉપનિષદમાં છે એ પણ નોંધવું જોઈએ.

સંસ્કૃત સાહિત્યમાં નીતિકથાઓની પરંપરામાં જ પ્રાણીકથાઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની નીતિકથાઓમાં પાત્ર તરીકે પ્રાયઃ પશુ-પક્ષીઓ હોય છે, એટલે એમને પ્રાણીકથા તરીકે પ્રસિદ્ધિ મળી છે. સમય જતાં નીતિકથાઓમાં પ્રાણીઓને

એટલું બધું મહત્ત્વ અપાયું કે આજે તો પ્રાણીકથા શબ્દ એક રીતે તો નીતિકથાનો પર્યાય જ બની રહ્યો છે. હકીકતમાં તો પશુ-પક્ષીઓની ગતિવિધિ, સ્વભાવ, ખાસિયતો, ખામીઓ જેવી અનેક બાબતોનો સૂક્ષ્મ અભ્યાસ કરીને તેમના આધારે ગુણ-દોષ-પરક નીતિનો ઉપદેશ આપવાનું કાર્ય જે-તે કથાકારે કર્યું છે. આવી કથાઓમાં માનવસમાજને પારિવારિક અને સામાજિક વ્યવહારોનો બોધ કરાવવાની સાથે સાથે ધાર્મિક તથા રાજનૈતિક શિક્ષણ આપવાનું લક્ષ્ય પણ રખાયું છે.

આ પ્રકારના પ્રાણીકથા કે નીતિકથાના સાહિત્યમાં પંચતંત્ર અને હિતોપદેશ મુખ્ય છે. આમાંથી પંચતંત્ર વિશે તમે ધોરણ અગિયારમાં જાણકારી મેળવી છે, તેથી અહીં માત્ર હિતોપદેશ વિષે જ વાત કરીશું.

**हितोपदेशः** - બંગાળના રાજા ધવલચંદ્રના આશ્રિત મનાતા પંડિત નારાયણ ભટ્ટે હિતોપદેશ નામના આ કથાગ્રંથની રચના કરી છે. આની રચના ઈ. સ.ની દસમીથી ચૌદમી સદીની વચ્ચેના કોઈ કાળમાં થઈ હશે, એમ મનાય છે. પંચતંત્રમાંથી પ્રેરણા લઈને આની રચના કરવામાં આવી છે. પંચતંત્રની જેમ આ ગ્રંથમા પણ પશુ-પક્ષીઓની વાર્તા દ્વારા નીતિશાસ્ત્રનો બોધ આપવામાં આવ્યો છે.

આ ગ્રંથમાં ચાર વિભાગ છે અને તે દરેક વિભાગમાં જુદી જુદી સંખ્યામાં ઉપદેશ કથાઓ છે. જેમ કે - પ્રથમ મિત્રભેદ છે. આમાં મિત્રતાનું મહત્ત્વ બતાવીને મિત્રો કેવી રીતે મેળવવા અને મૈત્રીને કેવી રીતે ટકાવી રાખવી એને લગતો બોધ આપનારી કથાઓ આવે છે. દ્વિતીય સુહૃદ્ભેદ નામના વિભાગમાં પરિસ્થિતિ બદલાતાં મિત્રતામાં કેવી રીતે ભેદ પડે છે અને છેવટે મિત્રોને ગુમાવવા પડે છે, તેનો ઉપદેશ આપતી કથાઓ છે. તૃતીય વિગ્રહ નામના વિભાગમાં યુદ્ધનીતિનો બોધ આપતી કથાઓનો સંગ્રહ છે (વિગ્રહ એટલે યુદ્ધ). છેલ્લા સંધિ નામના ચતુર્થ વિભાગમાં એકબીજાથી વિરોધી એવા લોકોમાં પણ કેવી રીતે સંધિ કરી-કરાવી શકાય છે, તેને લગતી કથાઓ આવે છે.

પંચતંત્રની કુલ 43 કથાઓમાંથી અહીં 25 કથાઓ સીધી જ લેવામાં આવી છે. 17 કથાઓ તદ્દન નવી છે. પંચતંત્રમાં પાંચ વિભાગ છે. એ વિભાગોમાંની કથાઓને નારાયણ ભટ્ટે પોતાની રીતે જે-તે વિભાગોમાં સમાવી છે. આમ મૂળ કથા ભલે પંચતંત્રની હોય, પણ તે કયા વિભાગમાં મૂકવી, એ નારાયણ ભટ્ટે પોતે જ નક્કી કર્યું છે.

पुनर्मूषको भव એવી ઉક્તિ સાથે પ્રચલિત ઉંદરને બિલાડી, બિલાડીને વાઘ અને છેવટે વાઘને ઉંદર બનાવી દેવાની ઘટના ધરાવતી, ટીંડોડીનાં ઈંડાંને ડૂબાવી દેનારા સમુદ્રને પૂરી દેવાનો ઉપક્રમ હાથ ધરતી ટીંટોડી અને છેવટે સમુદ્રે કરેલી ક્ષમાયાચના વાળી કથા - જેવી સુપ્રસિદ્ધ કથાઓ હિતોપદેશનું વિશેષ પ્રદાન છે.

આ ગ્રંથના પ્રારંભમાં જણાવ્યું છે તેમ - श्रुतो हितोपदेशोऽयं पाटवं संस्कृतोक्तिषु। वाचां सर्वत्र वैचित्र्यं नीतिविद्यां ददाति च। અર્થાત્ આ હિતોપદેશને સાંભળવામાં આવે તો સાંભળનારને ત્રણ લાભ થાય છે : 1. સંસ્કૃતભાષાને બોલવામાં નિપુણતા આવે છે. 2. વાણીમાં બધે જ વૈચિત્ર્ય (બીજા બોલે એનાં કરતાં વિશેષતારૂપ વિચિત્રતા) આવે છે અને 3. નીતિવિદ્યાની (જાણકારી) આપે છે. ગ્રંથકારની આ ઉક્તિ બધી રીતે સાચી ઠરે છે.

### ( अ ) આયુર્વેદનો ઈતિહાસ : ધન્વંતરિ, ચરક, સુશ્રુત

પ્રાચીન ભારતીય તબીબી વિજ્ઞાનને આયુર્વેદ કહે છે. આયુ એટલે આયુષ્ય અને વેદ એટલે જ્ઞાન. જે શાસ્ત્રમાં આયુષ્યની જાળવણીનું જ્ઞાન છે તે શાસ્ત્રને આયુર્વેદ કહે છે. (आयुः अस्मिन् विद्यते स आयुर्वेदः।) અથવા જેના દ્વારા આયુની બાબતની જાણકારી પ્રાપ્ત થાય છે, તેને આયુર્વેદ કહે છે. (आयुर्विन्दति अनेन सः आयुर्वेदः।)

આ આયુર્વેદશાસ્ત્રમાં વ્યાધિગ્રસ્ત શરીરના રોગોનું નિવારણ તથા રોગ કદી પણ થાય જ નહિ તેવી સ્વાસ્થ્યરક્ષાની પ્રવિધિઓ - એમ બંને બાબતોનું સંમિશ્રિત રૂપે નિરૂપણ થયેલું છે.

ભારતમાં આયુર્વેદનો પ્રારંભ ઘણો જ પ્રાચીન છે. એનું મૂળ વેદ છે. ઋગ્વેદના મંત્રોમાં નિર્દિષ્ટ અશ્વિનકુમારો દેવતાઓના વૈદ્યો છે. તેમણે કરેલી ચિકિત્સાના અત્રતત્ર ઉલ્લેખો જોવા મળે છે. એમણે કરેલ શસ્ત્રક્રિયાઓનું વર્ણન પણ ધ્યાન ખેંચે તેવું છે. આ અશ્વિનોએ ચ્યવનઋષિનું વૃદ્ધત્વ દૂર કરીને નવયૌવન પ્રદાન કર્યું હતું. રાજા ખેલની પત્ની વિશ્પલાનો પગ યુદ્ધમાં કપાયો જેને તેઓએ લોખંડની જંઘાથી જોડી આપ્યો હતો. વળી, અહીં વેદમાં અનેક આયુષ્ય-પ્રાપ્તિની પ્રાર્થનાઓ છે. વિવિધ રોગોનો અને રોગનિવારણના ઉપાયો તરીકેનાં ઔષધોનો નામતઃ સંકેત છે. અથર્વવેદમાં શરીર વિજ્ઞાનને લગતા સિદ્ધાંતોનું વર્ણન છે.

વળી, વિવિધ રોગોને દૂર કરવાની ચિકિત્સાનું પણ અહીં વિસ્તારપૂર્વક વર્ણન છે. આથી જ આયુર્વેદ અથર્વવેદનો ઉપવેદ છે, એમ પણ મનાય છે. (**इह खलु आयुर्वेदं नामोपाङ्गमथर्ववेदस्य।** - सुश्रुत सू. 1.60)

વેદકાળમાં સાંકેતિક રીતે પ્રારંભ થયેલી આયુર્વેદની આ પરંપરા ઉત્તરોત્તર નિરંતર વિકાસ પામતી રહી છે. આજે તો આયુર્વેદના અનેક સ્વતંત્ર ગ્રંથો ઉપલબ્ધ છે.

આયુર્વેદના આ ગ્રંથોમાં ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને કાશ્યપસંહિતા - એ ત્રણ મહત્ત્વના ગ્રંથો છે. અહીં ગ્રંથના આરંભમાં આયુર્વેદશાસ્ત્રના ઉદયની કથા રોચક રીતે વર્ણવાઈ છે. તે અનુસાર આ શાસ્ત્રના પ્રવર્તક સ્વયં બ્રહ્મા છે. તેમની પાસેથી આ જ્ઞાન અશ્વિનકુમારોએ પ્રાપ્ત કર્યું અને એમના દ્વારા ઇન્દ્ર પાસે પહોંચ્યું. ઇન્દ્ર પાસેથી મહર્ષિ ભારદ્વાજ પાસે અને તેમની પાસેથી આખાય ભારતવર્ષમાં પ્રચાર-પ્રસાર પામ્યું છે.

બીજા એક મત પ્રમાણે આ આયુર્વેદશાસ્ત્રને ઇન્દ્ર પાસેથી મહર્ષિઓ ધરતી ઉપર લઈ આવ્યા છે. એ પછી ભારદ્વાજ, ધન્વંતરિ અને કાશ્યપ - એ ત્રણ ઋષિઓ આયુર્વેદની ત્રણ શાખાઓના પ્રવર્તક છે, એમ મનાયું છે. તેમાં ભારદ્વાજ કાયચિકિત્સાના પ્રવર્તક છે અને એ પરંપરાનો આદિમ ગ્રંથ चरकसंहिता છે. ધન્વંતરિ શલ્યચિકિત્સા (સર્જરી)ના પ્રવર્તક છે અને એ પરંપરાનો સર્વોત્તમ ગ્રંથ सुश्रुतसंहिता છે. એ પછી જે કાશ્યપ ઋષિ છે, તે બાલચિકિત્સા(कौमारभृत्य - આજે જેને પીડીયાટ્રિક્સ કહે છે)ના પ્રવર્તક આચાર્ય છે. काश्यपसंहिता આ પરંપરાનો શ્રેષ્ઠ ગ્રંથ છે.

આયુર્વેદ અષ્ટાંગ શાસ્ત્ર છે. તેનાં આઠ અંગો આ પ્રમાણે છે :

(1) શલ્યતંત્ર (આજે જેને સર્જરી તરીકે ઓળખવામાં આવે છે.)

(2) શાલાક્ય (શલાકા વડે કરવામાં આવતી ચિકિત્સા આજના ENT સાથે સરખાવી શકાય.)

(3) કાયચિકિત્સા-શરીરની ચિકિત્સા - (આજનું General Medicine)

(4) ભૂતવિદ્યા-અમાનવીય-અતિમાનવીય તત્ત્વોથી બચાવ

(5) બાલચિકિત્સા - कौमारभृत्य (આજનું પીડિયાટ્રિક્સ)

(6) વિષતંત્ર - (अगदतंत्र) (જુદા જુદા પ્રકારનાં વિષ અને તેનાથી બચાવનું શાસ્ત્ર)

(7) રસાયણતંત્ર - (રાસાયણિક ઔષધો અને તેના ઉપયોગો.)

(8) વાજીકરણ - (શક્તિપ્રાપ્તિના ઉપાયો)

આ બધાં જ અંગો ઉપર અલગ અલગ આચાર્યોએ સ્વતંત્ર ગ્રંથોની રચના કરેલી છે. અનેક ગ્રંથો આયુર્વેદને અનુલક્ષીને સમયે સમયે રચાયા છે, જેમાંના કેટલાક ગ્રંથો તથા આચાર્યોનાં નામ અવિસ્મરણીય છે. જેમ કે -

### महर्षि चरक

મહર્ષિ ચરકના વ્યક્તિગત જીવનને લગતી કોઈ ખાસ માહિતી મળતી નથી. એમના સમયની બાબતમાં પણ અનેક મત-મતાંતર છે. એમ કહેવાય છે કે તેઓ કનિષ્કના રાજવૈદ્ય હતા અને તે ઈ. સ.ની બીજી સદી પહેલાં થઈ ગયા છે.

મહર્ષિ ચરક વિરચિત ગ્રંથનું નામ चरकसंहिता છે. આ મુખ્યત્વે કાયચિકિત્સાનો આકર ગ્રંથ છે. આમાં ચિકિત્સા અંગેનું વિસ્તૃત વર્ણન છે. (સરખાવો - चरकस्तु चिकित्सितेन। ચિકિત્સાના વિષયમાં તો ચરક નામનો ગ્રંથ છે - એવી પ્રસિદ્ધ જનોક્તિ.) કેટલાક વિદ્વાનોના મતે આ ચરકસંહિતા ચિકિત્સાશાસ્ત્ર અને આયુર્વેદ વિજ્ઞાનનો વિશ્વકોશ છે. આમાં આયુર્વેદ શાસ્ત્રનાં મૌલિક તથ્યો તથા સિદ્ધાંતોનું બહુ જ ગંભીરતાપૂર્વક વિવેચન છે.

આ ચરકસંહિતામાં તત્કાલીન ભારતીય જીવનનું પણ વર્ણન છે. માણસોની રહેણીકરણી, વિવાહ, વૈવાહિકજીવન, સંતતિ વગેરે વિષયો ઉપરના વિચારો તથા તે સમયના आतुरालय (હૉસ્પિટલ) તથા તેમાં વપરાતાં સાધનોની ચર્ચા છે.

### आचार्य सुश्रुत

ચરકની જેમ આચાર્ય સુશ્રુતના જીવનને લગતી વ્યક્તિગત બાબતો જાણમાં નથી. પરંતુ સુશ્રુતસંહિતાના રચયિતા તરીકે એમની પ્રસિદ્ધિ છે. આચાર્ય પાણિનિ અને પતંજલિ જેવા વૈયાકરણોના ગ્રંથોમાં પણ સુશ્રુતનો ઉલ્લેખ મળે છે. તેથી ઘણા વિદ્વાનો સુશ્રુતને પણ ઈ. સ. પૂર્વે સાતમી શતાબ્દી પહેલાંના માને છે.

સુશ્રુતસંહિતા પણ આયુર્વેદના મૂળભૂત ગ્રંથોમાંનો એક છે. આ ગ્રંથ પાંચ ભાગોમાં વિભક્ત છે. જેમ કે - 1. सूत्रस्थानम् 2. निदानस्थानम् 3. शारीरस्थानम् 4. चिकित्सास्थानम् અને 5. कल्पस्थानम्. આ પાંચ સ્થાનોમાં મળીને કુલ 120 અધ્યાય છે. આમાં શલ્યશાસ્ત્ર (શસ્ત્રક્રિયા)નું વર્ણન છે. ઘા(વ્રણ)ના પ્રકારો, તેમાં સડો ન થઈ જાય તે માટેના ઉપાયો, ઘાને રુઝવવાના તથા સીવી લેવાના ઉપાયો, દૂષિત લોહી ચૂસી લેવા માટે જળો જેવા પ્રાણીના ઉપયોગની પ્રક્રિયા વગેરે બાબતોનું ખૂબ જ આકર્ષક આલેખન છે. આ ઉપરાંત આ સુશ્રુતસંહિતામાં શરીરના જુદા જુદા અવયવોનું સૂક્ષ્મતાથી વર્ણન કરેલું છે.

આયુર્વેદસાહિત્યમાં માન્યતા છે તેમ ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા બંને એકબીજાના પૂરક ગ્રંથ છે. એક કાયચિકિત્સા-(Medicine)નો તો બીજો શલ્યચિકિત્સા (Surgery)નો ગ્રંથ છે. સમયાંતરે જે અન્ય આયુર્વેદીય ગ્રંથો રચાયા તેમના ઉપર આ બંને ગ્રંથોનો ભારે પ્રભાવ છે.

આ ઉપરાંત અન્ય આયુર્વેદ શાસ્ત્રીય સાહિત્યમાં નોંધપાત્ર ગ્રંથો આ પ્રમાણે છે :

1. अष्टाङ्गहृदयम् નામના ગ્રંથના રચયિતા વાગ્ભટ્ટ છે. તેઓ ઈ. સ.ની પાંચમી કે છઠ્ઠી શતાબ્દીમાં થઈ ગયા છે.

2. माधवनिदानम् નામના ગ્રંથના કર્તા માધવકર છે. તેમનો સ્થિતિકાળ ઈ. સ.ની સાતમી શતાબ્દી છે.

3. शार्ङ्गधरसंहिता નામના ગ્રંથના રચયિતા શાર્ઙ્ગધર છે. તેઓ ઈ. સ.ની તેરમી સદીમાં થઈ ગયા છે.

4. भावप्रकाशः નામના એક આચાર્યે ભાવપ્રકાશનિઘંટુ નામે એક ગ્રંથ રચ્યો છે. તેઓ ઈ. સ.ની 16મી શતાબ્દીમાં થયા છે.

ગુજરાતમાં આયુર્વેદ શાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન-અધ્યાપન તથા સંશોધન-પ્રકાશન ઘણા પ્રાચીન કાળથી થતું રહ્યું છે. આ પરંપરામાં જેમનું નામ આગળ પડતું છે, તે છે આચાર્ય જાદવજી ત્રિકમજી. તેઓ વિ. સં. 1939માં પોરબંદરમાં જન્મ્યા હતા. તેમના પિતાશ્રી ત્રિકમજી રાજવૈદ્ય હતા. તેમની પાસેથી તેઓએ આયુર્વેદના ગ્રંથોનું અધ્યયન કર્યું. એ પછી મુંબઈને તેમણે કર્મક્ષેત્ર બનાવ્યું. અહીં રહીને તેમણે ચિકિત્સા કાર્ય કરવાની સાથે સાથે આયુર્વેદના અનેક ગ્રંથોનું સંપાદન, સંશોધન અને અનુવાદ કાર્ય કરીને આયુર્વેદના સર્વાંગીણ વિકાસનો માર્ગ પ્રશસ્ત કર્યો. માધવનિદાન ઉપરની મધુકોશ નામની વ્યાખ્યાનું સંશોધન, રસહૃદયતંત્ર, નાડીપરીક્ષા, રસપદ્ધતિ જેવા ગ્રંથોનું સંપાદન અને ચરકસંહિતા - સુશ્રુતસંહિતા જેવા મૂલ્યવાન ગ્રંથોનું સંશોધન સહ સંપાદન કરીને આયુર્વેદની અધ્યયન - અધ્યાપન - પરંપરામાં અપૂર્વ પ્રદાન કર્યું છે.

### ( आ ) ખગોળશાસ્ત્ર

ખગોળશાસ્ત્રની પરંપરાનો આરંભ પણ વેદકાળ જેટલો જ પ્રાચીન છે. ખગોળ વિષયક અનેક તથ્યોનું વર્ણન વેદોમાં પ્રસંગોપાત્ત જોવા મળે છે. વેદના સમયની સંસ્કૃતિ યજ્ઞપ્રધાન હતી. યજ્ઞ સંપન્ન કરવા માટેના ઉચિત સમયનો નિશ્ચય કરવા અંગે ગંભીર વિચારણા થતી. આ પ્રસંગે ખગોળશાસ્ત્રીય સિદ્ધાંતોનો પ્રયોગ થતો. આજે પણ એ સમયના સ્વીકૃત રખાયેલા સિદ્ધાંતોનું વર્ણન કરનારા ગ્રંથો ઉપલબ્ધ છે.

આમ, તો ज्योतिषને વેદનું અંગ માનવામાં આવે છે. આ જ્યોતિષશાસ્ત્રની અંતર્ગત ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. સૂર્ય, ચંદ્ર, ગ્રહો, તારાઓ વગેરેનું ઝીણવટભર્યું વર્ણન તથા તેમની ગતિ વગેરેને લગતા વિચારની પરંપરા છેક વેદથી શરૂ થાય છે. ઋગ્વેદમાં સત્તાવીસ નક્ષત્રોનો તથા સપ્તર્ષિના તારાઓ અને ગ્રહોનો પણ ઉલ્લેખ છે. યજુર્વેદમાં નક્ષત્રોનું વર્ણન છે. નક્ષત્રતારાઓમાં રોહિણી ઉપર ચંદ્રની અતિશય પ્રીતિ વિષે તૈત્તિરીયસંહિતામાં એક મોટી કથા છે. આશ્વલાયન સૂત્રમાં ધ્રુવ અને અરુંધતીનો ઉલ્લેખ છે. મહાભારતમાં ગ્રહો, ધૂમકેતુ અને તારાઓનું વર્ણન ઠેકઠેકાણે છે. યાજ્ઞવલ્ક્યસ્મૃતિમાં નક્ષત્રવીથિઓ આવેલી છે.

કાળક્રમે ખગોળશાસ્ત્રીય વિચારણા વધુ ને વધુ સ્પષ્ટ બનતી જોવા મળે છે. વેદ-વેદાંગ-સાહિત્ય પછી આ ખગોળશાસ્ત્રની પરંપરા આર્યભટ્ટ, ભાસ્કરાચાર્ય, વરાહમિહિર વગેરે ખ્યાતનામ વિદ્વાનોએ આગળ વધારી છે. તેમણે નિર્ધારિત કરેલા ખગોળ વિષયક સિદ્ધાંતો વિશ્વવિખ્યાત છે. આમાં વરાહમિહિર મુખ્ય છે.

**વરાહમિહિર**

વરાહમિહિર ખગોળવિદ્યાના અત્યંત પ્રતિભાશાળી આચાર્ય છે. એમણે पञ्चसिद्धान्तिका, बृहज्जातकની સાથે સાથે बृहत्संहिता નામક ત્રણ ગ્રંથોની રચના કરી છે. પંચસિદ્ધાંતિકા ગ્રંથમાં વેદાંગ જ્યોતિષથી લઈ વરાહમિહિર સુધીની એક લાંબી પરંપરાનો પરિચય કરાવવામાં આવ્યો છે. વરાહમિહિર ખગોળવિદ હોવાની સાથે જ્યોતિષી પણ હતા. તેઓ પોતાના સ્વતંત્ર સિદ્ધાંત રચી શકવાની ક્ષમતા ધરાવતા હોવા છતાં તેમ ન કરીને પોતાના સમયના પ્રચલિત સિદ્ધાંતોનો પોતાના ગ્રંથોમાં સંગ્રહ કર્યો છે. એથી એ સિદ્ધાંતો આજે આપણા સુધી પહોંચી શક્યા છે. બૃહત્સંહિતા એક આકર ગ્રંથ છે. તેમાં ભારતીય ધર્મવિજ્ઞાન, મૂર્તિશાસ્ત્ર અને ધાર્મિક સ્થાપત્યને લગતી ઘણી બાબતો ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

વરાહમિહિર અવંતી (ઉજ્જયિની)ના નિવાસી હતા, એમ મનાય છે. તેમનો જીવનકાળ ઈ. સ.ની છઠ્ઠી શતાબ્દિનો પૂર્વાર્ધ છે. એમના પિતાનું નામ આદિત્યદાસ હતું અને તેઓ એમના વિદ્યાગુરુ પણ હતા. એમ કહેવાય છે કે વરાહમિહિર ભગવાન સૂર્યના અનન્ય ભક્ત હતા. સૂર્યને પ્રસન્ન કરીને તેમણે ખગોળશાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. એમનો પૃથુયશસ્ નામે એક પુત્ર હતો. તેણે षट्पंचाशिका નામનો ગ્રંથ રચ્યો છે. આજે ખગોળશાસ્ત્રીય ગ્રંથોમાં તેની પણ ઘણી પ્રસિદ્ધિ છે.

•